આપણા કૌટુંબિક જીવનની માવજત કરી આપણાં સંસ્કૃતિ અને સંસ્કારને
વ્યક્તિ ઘડતર દ્વારા સમૃદ્ધ કરવાની ઝંખના સેવતું માસિક...

છૂટક કિંમત : રૂા. ૨૦/- • વાર્ષિક લવાજમ : રૂા. ૨૨૫/- • Publication 2nd of Every Month

# ઘરશાળા

સરસ્વતી વિદ્યામંડળ
સ્થાપના : ૧૯૪૪

વર્ષ : ૮૬ • અંક : ૬
સળંગ અંક : ૧૦૩૦
સપ્ટેમ્બર-૨૦૨૬

## શિક્ષકદિનની શુભકામનાઓ



**જન્મ તારીખ : ૫ સપ્ટેમ્બર ૧૮૮૮**


## ગરવા ગુરુને શત શત વંદન

# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી સરસ્વતી બાળવિહાર અને સ.કુ.







# ઘરશાળા

વર્ષ : ૮૬ સપ્ટેમ્બર ૨૦૨૬ અંક : ૬ સળંગ અંક : ૧૦૩૦

## અનુક્રમણિકા


૧. **સંપાદકીય** - શિક્ષકદિનની ફલશ્રુતિ ૫

૨. **'અમારા જસુબેન' - એક અનોખા શિક્ષક**
જ્યોતીન્દ્ર દવે ૭

૩. **શિક્ષણને સમર્પિત જીવન - નાયક દંપતિ**
અશોક સોમપુરા ૯

૪. **મરાઠી કવિઓ આપે ?**
કાકાસાહેબ કાલેલકર ૧૨

૫. **કુદરત સાથેનો સંવાદ : વિદ્યાર્થીઓના નાના હાથે મોટો બદલાવ!!**
ડૉ. નાનક, સુરેશ ભટ્ટ ૧૪

૬. **અનુભવ કથા : બાળકનું મન**
દીવાન ઠાકોર ૧૭

૭. **સાંપ્રત : પરિણામની પરીક્ષા...** ૧૯
રાઘવજી માધડ

૮. **શિક્ષણ : સુગ્રથિત માનવનું સર્જન** ૨૫
હરેશ ધોળકિયા

૯. **બાળકો માટે આટલું થઈ શકે તો ?** ૨૮
ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

૧૦. **ગ્રામ્ય રતન ગીની** ૩૧
અર્જુનસિંહ કે. રાઉલજી

૧૧. **શ્રી હુંદરાજ બલવાણી વિરચિત બાલવાર્તા સંગ્રહ**
**- ભોલુનો ભમરડો અને ચંપાની ચકરડી** ૩૨
ડૉ. મધુસુદન વ્યાસ

૧૨. **જીવનમાં વિદ્યાગુરુનું મહત્ત્વ** ૩૩
શ્રી શ્યામજીભાઈ દેસાઈ

૧૩. **સાચા સદ્‌ગુરુ (શિક્ષક)** ૩૮
મણિલાલ શ્રીમાળી 'મિલન'

૧૪. **શિક્ષણ સમાચાર**
અશોક સોમપુરા ૩૯

**સ્થાપક તંત્રીઓ**

હરભાઈ ત્રિવેદી

રઘુભાઈ નાયક, જશીબહેન નાયક

**તંત્રીઓ**

જ્યોતીન્દ્રભાઈ દવે

સજુભા ઝાલા

**સહતંત્રી**

અશોકભાઈ સોમપુરા

**વ્યવસ્થા અને સંકલન**

કે. ડી. પટેલ

ભૃગેશ તપોધન

**પરામર્શન**

અમિતાબહેન પાલખીવાલા


**ઘરશાળા કાર્યાલય સરનામું**


**સરસ્વતી વિદ્યામંડળ**

**ડૉ. રઘુભાઈ નાયક શિક્ષણ સંકુલ**

**સરસપુર, અમદાવાદ - ૩૮૦૦૧૮**

**ફોન : ૦૭૯-૨૨૯૨૦૫૩૭**

**મોબાઈલ : ૯૨૨૭૭૫૨૫૨૩, ૮૩૪૭૯૦૦૭૯૨**


**આ માસિકમાં પ્રગટ થતા અભિપ્રાયો સાથે તંત્રી મંડળની સહમતી ના પણ હોઈ શકે. લેખ, લવાજમ, અંક ન મળવાની ફરિયાદ, કેળવણી વિષયક સમાચાર વગેરે કાર્યાલયના સરનામે મોકલવા વિનંતી છે. છાપનાર સામગ્રી પાછી મેળવવા જરૂરી પોસ્ટલ ટિકિટો મોકલવી.**

**શિક્ષણ-કેળવણી, બાળઉછેર, કૌટુંબિક જીવન, શિક્ષક-શિષ્યના સંબંધો, પ્રયોગાત્મક અહેવાલ, બાળ માનસશાસ્ત્ર આધારિત લેખો આવકાર્ય છે.**

**પત્ર વ્યવહારમાં ગ્રાહક નંબર અચૂક લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તુરંત જાણ કરવી.**


email : gharshala@saraswatividyamandal.org

website : www.saraswatividyamandal.org/publication


**લવાજમ અંગેની માહિતી**

| લવાજમ | ભારત | | પરદેશ | |
|---|---|---|---|---|
| વાર્ષિક | ₹ | ૨૨૫ | ₹ | ૨૨૫૦ |
| ત્રિવાર્ષિક | ₹ | ૬૦૦ | ₹ | ૬૦૦૦ |
| પાંચ વર્ષ | ₹ | ૧૦૦૦ | ₹ | ૧૦૦૦૦ |

લવાજમ માટેનો ચેક ઘરશાળા માસિકના નામે લખી કાર્યાલયના સરનામે મોકલવો. ઓનલાઇન/ચેકથી લવાજમ ચૂકવો ત્યારે તેની વિગત સાથે ગ્રાહકનું નામ સરનામું વોટ્સઅપ દ્વારા મોબાઈલ નંબર-૯૨૨૭૭૫૨૫૨૩/૮૩૪૭૯૦૦૭૯૨ પર અચૂક જાણ કરવી.

**ઓનલાઈન માધ્યમથી લવાજમ મોકલવા માટે :**

**બેંકનું નામ : બેંક ઑફ બરોડા**

**ખાતા નંબર : ૦૮૫૮૦૧૦૦૦૦૧૧૧૭**

**ખાતાનું નામ : ઘરશાળા માસિક**

**આઈ.એફ.એસ.સી. કોડ : BARB0SARASP.** (Fifth character is zero)

## સંપાદકીય - શિક્ષકદિનની ફલશ્રુતિ

વિશ્વ વિકાસની સાથે માનવ સમૃદ્ધ થતો ગયો. આ સમૃદ્ધિમાં તહેવારો, પ્રસંગો, ઉત્સવો અને વિવિધ પ્રકારની ઉજવણીનો ઉમેરો થતો ગયો. આવી ઉજવણીમાં જુદા જુદા ખાસ પ્રકારની ઉજવણીએ પણ સ્થાન લીધું. એમાંની કેટલીક ઉજવણીઓ માણસજાત માટે પ્રેરણાદાયી રહી. કેટલીક ઉજવણી ભવ્ય ભૂતકાળની યાદ અને માવજત માટે રહી. જ્યારે કેટલીક ઉત્તમ પ્રકારના દિવસની ઉજવણી માણસને તેની પાયાની ફરજ અને જવાબદારીની યાદ કરાવનારી પણ બની રહી. આવી સારી ઉજવણીઓ માણસના જવાબદારી અને ફરજ પ્રત્યે પાંગળા બનેલા વ્યવહારને જાગૃત કરવામાં પણ મદદરૂપ થવા લાગી.

વિવિધ પ્રકારની ઉજવણીઓમાં સ્વાતંત્ર્યદિન, પ્રજાસત્તાકદિન, શિક્ષકદિન, સેનાદિવસ, વિશ્વ પર્યટન દિવસ, રાષ્ટ્રીય સુરક્ષા દિવસ, રાષ્ટ્રીય મહિલાદિન, વિશ્વ સાક્ષરતાદિન, રાષ્ટ્રીય યોગ દિવસ, મધર્સ ડે - ફાધર્સ ડે, વિશ્વ વિકલાંગ દિવસ અને આવા બીજા પણ અનેક પ્રકારના દિવસની ઉજવણીનો સમાવેશ થાય છે.

આ ઉજવણીઓમાં શિક્ષકદિન વિશેની થોડી વાતો, ચિંતન અને તેના સુધારની ચિંતા વ્યક્ત કરતી ચર્ચાનો ટૂંકમાં ઉલ્લેખ કરવો છે.

આ અંગેની ચર્ચા કરતાં પહેલાં વર્તમાન સ્થિતિનો ઉલ્લેખ કરવો જરૂરી છે. હાલની સ્થિતિમાં એ અનુભવાય છે કે વેપારીઓ ખરાં-ખોટા માર્ગે નફો રળવામાં, નોકરિયાતો ઓછું કામ કરી દિવસ પસાર કરવામાં, વળી ભ્રષ્ટાચારીઓ અનીતિ કરવામાં, રાજકારણીઓ પોતાનો સ્વાર્થ સાધવામાં અને મંત્રીઓ પોતાની ખુરશી સાચવવામાં વ્યસ્ત છે.

આની સાથે બીજી બાજુનો વિચાર કરીએ તો સેવાભાવી સંસ્થાઓ સેવા કરવામાં, સમાજના ઉત્તમ સાક્ષરો મેળાવડા, કાર્યક્રમ અને વિવિધ સમારંભોમાં તેમજ લેખકો સારું લખવામાં, સંપાદકો અને તંત્રીઓ પોતાના સામયિકો સારી માહિતી અને પ્રેરણા આપનારા બની રહે તેવા સારા કાર્યોમાં સક્રિય છે. પરંતુ આ બધા સારા કાર્યો પછીની ફલશ્રુતિ શું? આવા સારા કાર્યોની ફલશ્રુતિનું સારું પ્રમાણ ઝાઝું દેખાતું નથી. ત્યારે માત્ર સારું કર્યું, સારા કામમાં જોડાયેલા રહ્યા તેવા નજીવા આત્મસંતોષ સાથે માણસ મૌન બની રહે છે. આવી ફલશ્રુતિ પાંગળી બની છે ત્યારે એક માત્ર આશાનું કિરણ દેખાય છે અને તે છે, શિક્ષણ અને શિક્ષક.

હવે મૂળ વાત ઉપર આવીએ. ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ, શિક્ષણના આજીવન ભેખધારી, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં દર વર્ષે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે. આ ઉજવણી દ્વારા સમગ્ર રાષ્ટ્ર શિક્ષક પ્રત્યે પોતાનો આદરભાવ પ્રગટ કરી તેમનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કરે છે.

સમાજમાં શિક્ષકનું સ્થાન મોભાનું હોય છે. સદીઓથી ભારતીય સંસ્કૃતિમાં ગુરુનું સ્થાન મોખરાનું રહેલું છે. કારણ કે ગુરુમાં પ્રકાશ ઝળહળતો હોય છે. તે ખરાબ દૂષણોથી દૂર હોય છે. સમાજને સાચી સમજ અને સાચો રાહ ચિંધનારો હોય છે. આથી જ આવા ગુરુઓ શિષ્યોને ભણાવતા. સમય જતા આ કાર્ય શિક્ષકો કરતા આવ્યા. આ શિક્ષકનું શિક્ષણકાર્ય સમાજમાં કેન્દ્ર સ્થાને રહ્યું. શિક્ષકનો વ્યવસાય અન્ય વ્યવસાય કરતા જુદો છે. માનવના કુમળા અને નિર્દોષ સંતાનોને કેળવવાનું કામ શિક્ષકનું છે. બદલાતા વાતાવરણ અને અપેક્ષાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીના સર્વાંગી વિકાસના જટિલ કામ માટે શિક્ષકે તૈયાર થવું પડશે.

આવા કાર્યના લીધે શિક્ષકની પણ એક જવાબદારી બની રહે, કે પોતાના વ્યક્તિત્વમાં, જીવનશૈલીમાં અને વ્યવહારમાં સંયમ જાળવે. કારણ કે તેના વ્યવહારની છાપ સમાજમાં ખૂબ ઊંડી પડે છે. ખરાબ બાબતોના પરિવર્તનની અસર શિક્ષક ઉપર થાય એ સ્વાભાવિક છે. પરંતુ તેણે પોતાની પ્રતિભા, પ્રતિષ્ઠા અને ગૌરવ જળવાઈ રહે તેની કાળજી રાખવી એ અનિવાર્ય બની રહે છે. આથી શિક્ષકો આ અંગેનો શુભ સંકલ્પ કરી તેમાં સક્રિય રહેશે તો તેના કાર્યની ફલશ્રુતિ સમાજને જરૂર સંતોષ આપશે.

હવે બીજા એક પાસાનો વિચાર કરીએ તો શિક્ષકોએ જરૂર વિચારવું જોઈએ કે,... સમાજના ઘણાં વાલીઓ અને નાગરિકો ઘણી દ્વિધામાં છે. તેઓ સાધન-સંપન્ન હોવા છતાં સંતાનોના ઘડતરમાં કઈ દિશામાં જવું, તેમનામાં મૂલ્યની સમજણ કેવી રીતે આવે તેની મૂંઝવણ અનુભવે છે. જ્યારે કેટલાક પરિવારો પોતાનું બાળક ભવિષ્યમાં વધુ પૈસા કમાતો કેવી રીતે થાય તેની પેરવીમાં છે. આવા વિરોધાભાસની સાથે બાળકનાં જીવનમાંથી ચારિત્ર્ય ઘડતર અને જીવનનાં સારાં મૂલ્યોનો છેદ ઊડી ગયો છે. ત્યારે આ બધાનો આધાર શિક્ષણ અને શિક્ષક જ છે. શિક્ષકદિને આવી વાતને ગંભીરતાથી લઈ તે માટેના પણ સંકલ્પો થાય એ સાંપ્રત સમયનો તકાજો છે.

આજે કેટલાક શિક્ષકો પોતાના વર્ગખંડનું અધ્યાપનકાર્ય અને અભ્યાસક્રમ પૂરો કરવામાં જ સંતોષ માને છે. કેટલાક બાળકમાં મૂલ્યલક્ષી શિક્ષણ આવે તેવી કામગીરીને જરૂરી ગણતા નથી. એ મોટો ચિંતાનો વિષય છે. આવી ચિંતાઓની હારમાળા વચ્ચે શિક્ષકદિનની ઉજવણી કરીને, શિક્ષણના કે શિક્ષકના ગુણગાન ગાઈને સંતોષ માનીએ તો તેની ફલશ્રુતિ નબળી અને લકવાગ્રસ્ત જ રહેવાની.

વળી, ઘસાતા માનવમૂલ્યો વચ્ચે શિક્ષકે તેનું સત્વ અને તત્ત્વ જાળવવું પડશે. શિક્ષણમાં નિત્ય નવું આવ્યા કરે છે. વિવિધ પ્રકારની માહિતી અને જ્ઞાનનો વિસ્ફોટ થયો છે. માનવીય મૂલ્યો અને સંબંધો બદલાતા જાય છે. તેવી પરિસ્થિતિમાં વિદ્યાર્થીને સજ્જ કરવાનું કામ શિક્ષકનું છે. આ પડકારને શિક્ષકો ઝીલે તે શિક્ષકદિનનો સંદેશ હોઈ શકે. આમ, થાય તો આપણા શૈક્ષણિક કાર્યને જરૂર સફળતા મળે. આ સ્થિતિ સમાજ માટે અને સૌ માટે ઈચ્છવા જોગ છે.

આથી શિક્ષકમિત્રો અને શિક્ષણ સાથે નિસબત ધરાવતા સૌ આ બાબતને ગંભીરતાથી વિચારી પોતાની ફરજમાં વધુ સક્રિય બને અને શુભ સંકલ્પોનો ઉમેરો કરે તો જ આપણે ઉત્તમ પ્રકારની ફલશ્રુતિ ઉજાગર કરી શકીશું.

# 'અમારા જસુબેન' - એક અનોખા શિક્ષક

- જ્યોતીન્દ્ર દવે



અમારા જસુબેન એક અનોખા શિક્ષક છે. કારણ કે વરસાદના પ્રથમ આગમને બાળકો સાથે ભીંજાય છે અને બાળકોને વરસાદમાં ભીંજવી આનંદિત કરે છે. તે અનોખા શિક્ષક છે. કારણ કે હોળી-ધુળેટીમાં બાળકો સાથે મસ્તીથી રમી શકે છે. રંગના છાંટણે રંગાય છે અને બાળકોને રંગ છાંટી રંગીન બનાવે છે. તો દિવાળીમાં રંગોળી અને ફટાકડાની મજા પણ બાળકો સાથે કરે છે. ઉત્તરાયણમાં શાળાના મેદાનમાં પતંગની મજા પણ કરાવે છે. બાળ ઉત્સવમાં બાળકો સાથે નાચે છે. પ્રવાસમાં ધીંગામસ્તી પણ કરે છે અને સ્વાદિષ્ટ ભોજન પણ કરાવે છે. આમ, જસુબેનમાં રહેલું બાળક તેમના વિદ્યાર્થીઓનો ગોઠીયો બને છે. વિદ્યાર્થીઓ અને ભૂલકાઓને ગુરુ કે શિક્ષકનો અહેસાસ સહજ રીતે થાય છે.

આવા અનોખા જસુબેન આજે ૭૯ વર્ષની ઉંમરે સરસ્વતી વિદ્યામંડળનું બાલવિહાર ધબકતું અને જીવંત રાખે છે. એમના ખોળામાં પ્રથમવાર બાળવિહારમાં આવતું બાળક સલામતી અનુભવે છે. તો વળી બે-ત્રણ બાળકો જસુબેનની સાડીનો પાલવ પકડી રડમસ ચહેરા સાથે પાછળ-પાછળ ચાલતા પણ જોવા મળે છે અને ક્યારેક ગુસ્સે થયેલું બાળક હાથ વડે તેમના પર પ્રહાર કરતું પણ જોવા મળે. આ બધા વચ્ચે બાળપ્રેમી જસુબેન સૌની મા બની ગમ્મત મોજ મજા સાથે નાનાં ભૂલકાઓને બાળવિહારમાં આવકારે છે. પ્રેમથી નાસ્તો કરાવે છે. સ્વચ્છતા અને સુઘડતાના પાઠ શીખવે છે. પગરખાંથી માંડી નાસ્તાના વાસણો ગોઠવવાનું પણ શીખવે. અનાજ સાફ કરવું, લોટ બાંધવાનું, પૂરી વણવાની વગેરે જીવનલક્ષી ક્રિયાઓનું પ્રાથમિક જ્ઞાન ખૂબ જ સહજ રીતે શીખવે છે.

પ્રેમાળ અને માતૃતુલ્ય શિક્ષકનું પાસું પણ જસુબેનના વ્યક્તિત્વનું એક અવિભાજ્ય અંગ છે. શ્રી જસુબેન શિક્ષકોના માર્ગદર્શક છે. શિક્ષકોને ઘડવામાં અને પ્રોત્સાહિત કરવામાં તેમની કાર્યપદ્ધતિ અનોખી છે. ખૂબ જ વ્યવહારુ રીતે શિક્ષકોને મોન્ટેસરી પદ્ધતિથી બાળકો સાથે કામ કરવાનું શીખવે છે. શિક્ષકો

પણ બાળવિહારનાં બાળકોની માતા તરીકેની ભૂમિકા સુપેરે ભજવે છે. અમારા બાળવિહારનો ''રાત્રિ-રોકાણ''નો પ્રયોગ એ જસુબેનની દેન છે. જેમાં ત્રણ થી પાંચ વર્ષના બાળકો શાળામાં રાત્રિ-રોકાણ કરે છે. પ્રથમવાર માના પડખા વગર બાળકોના રાત્રિ સહજીવનનો પ્રયોગ એ જસુબેનની પ્રયોગ-શીલતાનો નમૂનો છે. કોઈ બાળક શિક્ષકના પેટ ઉપર હાથ રાખી સુએ, તો કોઈ ચોટલો પકડીને સુએ, કોઈ બાળકને વાર્તા સાંભળતા સાંભળતા સૂવું હોય છે. આ બધી વિવિધતા વચ્ચે બાળકો સાથે કેવી રીતે કામ કરવું તે શિક્ષકો માટે પણ મોટો પડકાર હોય છે. જસુબેન આ શિક્ષકોનું સાચા અર્થમાં આ રીતે ઘડતર કરે છે.

જસુબેનમાં એક મા અને શિક્ષકનું ઉત્તમ સંયોજન છે. આચાર્ય તરીકે એક સફળ નેતા પણ છે. શિક્ષકોની માંગણી અને લાગણીને ધ્યાનમાં રાખી સરસ્વતી વિદ્યામંડળ સમક્ષ રજૂઆત કરવાની હિંમત પણ ધરાવે છે. જરૂર પડે સરકારી અધિકારીની તુમાખી સામે શિક્ષકની ખુમારીથી રજૂઆત કરવાની હિંમત પણ ધરાવે છે. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧માં ધરતીકંપ સમયે બાળકોને હિંમતભેર સાચવી સલામત સ્થળે લાવવાની કામગીરી પણ ગભરાયા વગર નીડરપણે સમય સૂચકતા વાપરીને કરી છે.

વાલી સાથેનો સંબંધ પણ અનોખો છે. વાલીસભા, વાલીના પ્રશ્નો, બાળકો સાથેના વ્યવહારનું માર્ગદર્શન ખૂબ જ સહજ રીતે અને અસરકારક રીતે કરે છે. બાળવિહારના બાળકોના પિતા/દાદાને વ્યસન મુક્ત કર્યાના ઉદાહરણો પણ આપે છે. તો વળી બાલવિહારના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહકાર/સહયોગ લેવાની સૂઝ પણ ધરાવે છે. મોટા કાર્યક્રમો સમયે વાલીઓ રસોઈના કામમાં પણ મદદરૂપ થાય છે, તે જસુબેનની કામ લેવાની આવડતનો નમૂનો છે.

ખૂબ જ સામાન્ય કુટુંબમાંથી આવતા જસુબેનનું અંગત જીવન સંઘર્ષમય રહ્યું છે. સરસ્વતી વિદ્યામંડળની શાળામાં ૧૯૫૯માં વિદ્યાર્થી તરીકે જોડાયા. શાળામાં શિક્ષક થયા, આચાર્ય થયા, નિવૃત્ત થયા પછી સરસ્વતી બાળવિહારની જવાબદારી સ્વીકારી. આજે ૭૯ વર્ષની ઉંમરે ખૂબ જ ધગશ, ઉત્સાહ અને ઉમંગથી **ભૂલકાંઓની દાદી** બાલવિહારનું સંચાલન કરે છે.

વધુ નોંધપાત્ર બાબત એ છે કે ૭૯ વર્ષના જીવનમાં ૬૮ વર્ષ સરસ્વતી વિદ્યામંડળ સાથે રહ્યા છે. કોઈએ સાચું જ કહ્યું છે.

**''શિક્ષકો જન્મે છે બનતા નથી.''**

# શિક્ષણને સમર્પિત જીવન - નાયક દંપતિ

- અશોક સોમપુરા

શૈક્ષણિક કાર્યોને ઉજાગર કરનાર કેટલાક કર્મઠ શિક્ષણ દંપતિના કાર્યોનો પરિચય ''ઘરશાળા'' માસિક આપવા ઈચ્છે છે. આવા સમર્પિત શિક્ષક દંપતિના જીવન અને કવનની શ્રેણી અમે આ અંકથી શરૂ કરીએ છીએ. વાંચકોને એ જરૂર ગમશે એ આશા સાથે.

**– તંત્રી**

- શિક્ષણ દ્વારા રાષ્ટ્ર ઘડતર કરવું એ જેમના જીવનનું ધ્યેય હતું.
- શિક્ષણ જ જેમના જીવનમાં વેદોની ઋચા હતી.
- શિક્ષણ જ જેમને મન મોટો ધર્મ હતો.
- શિક્ષણ જ જેમને મન પ્રભુ પ્રાર્થના હતી.

એવા શિક્ષણપ્રેમી પદ્મશ્રી રઘુભાઈના કાર્યોનું ફલક વિશાળ છે. જીવાતા જીવનમાં માનવ મૂલ્યો, વિદ્યાર્થી વિકાસનું કાર્ય અને નાગરિકોની સામાજિક જવાબદારીવાળી વિશેષ બાબતો ઉપર જેમણે પોતાની દૃષ્ટિ સ્થિર કરી હતી. જેના પાયામાં શિક્ષણ, બાળકોની આવડત અને વિવિધ કૌશલ્યોનો વિકાસ તેમજ સામાજિક વિકાસની સાથે રાષ્ટ્રીય વિકાસની મૂલ્યવાન વિભાવના રહેલી છે. તેમના આ શિક્ષણ યજ્ઞમાં તેમને સાથ આપ્યો, ગુજરાતના આર્ષદૃષ્ટા કેળવણીકાર મુ.શ્રી હરભાઈ ત્રિવેદીના જયેષ્ઠ પુત્રી શ્રી જશીબેન નાયકે.

આવો, આજે આપણે તેમના શૈક્ષણિક ગુણો અને તેના કેટલાક મહત્ત્વના પાસાની સફર કરીએ. આ સફર આપણને શૈક્ષણિક કાર્યનું મહત્ત્વ સમજાવવામાં જરૂર મદદ કરશે.

૧૫મી ઓગસ્ટ - ૧૯૦૭ના શુભદિવસે બારડોલી પાસેના ચલથાણ ગામે જન્મેલા રઘુભાઈએ પોતાના દરેક કાર્યમાં અનુશાસનને મહત્ત્વ આપ્યું. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું કરી ગૂજરાત વિદ્યાપીઠની વિનીત પરીક્ષા પાસ કરી. આ સમય દરમિયાન તેમને રાષ્ટ્ર પ્રત્યે અહોભાવ જાગ્યો. ગાંધીજીના વિચારોથી આકર્ષાઈને તેમણે સમયાંતરે દેશસેવા પણ કરી. ત્યારબાદ ઉચ્ચ અભ્યાસ અર્થે શાંતિનિકેતન ગયા. ત્યાં રવીન્દ્રનાથ ટાગોરના સાનિધ્યમાં તેમની શૈક્ષણિક દૃષ્ટિ ખીલી. શિક્ષણ કાર્યના સારા ઘડતર અને અભ્યાસ માટેની ઈચ્છાને સંતોષવા તેઓ જર્મની ગયા. ત્યાં તેમણે પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી. આપણા મહાન નેતા સુભાષચંદ્ર બોઝ એમની મુલાકાતથી પ્રભાવિત થયા હતા.

તેમની શૈક્ષણિક કાર્યની કોઠાસૂઝને લીધે વિદેશમાં અને દેશમાં અનેક મોટા હોદ્દાઓની

નોકરી તેમણે જતી કરી અને પ્રયોગશીલ કેળવણીકાર હરભાઈ ત્રિવેદીની સંસ્થા ''ઘરશાળા'' - માં ૧૯૪૦માં ભાવનગર આવ્યા. આચાર્ય તરીકેની તેમની કાર્યપદ્ધતિથી તેઓ ખૂબ લોકપ્રિય થયા. આ સંસ્થામાં કામ કરતાં કરતાં તેમનો પરિચય જશીબેન સાથે થયો. શિક્ષણ જ જીવનનું ખરું ધ્યેય છે, એ વાત ઉપર બન્નેના વિચારો એક થયા. આ વિચારોની એકતાને લીધે તેઓ લગ્નગ્રંથિથી જોડાયા.

સાદગીના હિમાયતી જશીબેનના લગ્ન રઘુભાઈ સાથે ખૂબ જ સાદાઈથી થયા. એ લગ્નમાં ધાર્મિક વિધિ કે કોઈ સામાજિક રિવાજો ન હતા. લગ્નમાં નિમંત્રેલા મહેમાનોનું સ્વાગત માત્ર ઠંડા પીણાથી થયું. આ રીતે તેમણે સાદગીનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

ત્યારબાદ જીવનસાથી જશીબેનને લઈને રઘુભાઈ ૧૯૪૪માં અમદાવાદના પૂર્વ એવા સરસપુરના મજૂર વિસ્તારમાં આવ્યા. ત્યાં બંધ પડેલી માધુભાઈ મિલ કમ્પાઉન્ડમાં - ''સરસ્વતી હાઈસ્કૂલ''નું સુકાન સંભાળ્યું. આ શાળાએ બરાબર વિકાસની વાટ પકડી. એ ગાળા દરમિયાન તેમને દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયમાં જવાનું થયું. ત્યાં તેમણે ૧૮ વર્ષ સુધી શાળાનું નેતૃત્વ કરી અનેક નાગરિકોનું ઘડતર કર્યું. દિલ્હીના તેમના રોકાણ દરમિયાન તેઓને ઈન્દિરાબેન ગાંધીના શિક્ષક થવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થયું. ત્યાં અનેક શૈક્ષણિક પ્રવૃત્તિનો વિકાસ કર્યો. મુ.શ્રી જશીબેન નાયકના સહયોગ અને તેમના સારા કાર્યોને લીધે દિલ્હીના શિક્ષણ વિભાગ તરફથી તેમનું બહુમાન થયું. દેશના સર્વશ્રેષ્ઠ શિક્ષક તરીકે સન્માનિત થયા બાદ ૧૯૬૭માં તેમને ''પદ્મશ્રી'' - નો એવોર્ડ એનાયત થયો.

રઘુભાઈ સાથે કામમાં સમજણપૂર્વક સહયોગ આપનાર જશીબેન નાયકના જીવનના પ્રારંભિક તબક્કા ઉપર નજર નાંખીએ તો અગિયાર વર્ષની નાની વયે મંદિરમાં દાન આપવા માટે મળેલા પૈસા તેમણે મંદિર બહાર ગરીબોને આપી, પોતાના સારા વિચાર-વ્યવહારનો પરિચય કરાવ્યો. અભ્યાસ દરમિયાન હરિજન વાસમાં રાત્રિ શાળાનું સંચાલન અને મહિલાઓ માટેના કાંતણ-વણાટના કેન્દ્રોમાં સહભાગી થયા. ચાર વર્ષ દરમિયાન ભાવનગરની ઘરશાળા સંસ્થામાં શિક્ષિકા તરીકે કામ કર્યું. તેમજ નડિયાદમાં આવેલી વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં પણ કામ કરવાનો અનુભવ મેળવ્યો.

દિલ્હીની સરદાર પટેલ વિદ્યાલયમાંથી નિવૃત્ત થઈ, આ દંપતિ સરસ્વતી વિદ્યામંડળની શૈક્ષણિક પ્રવૃત્તિમાં જોડાયા. આ દંપતિની શૈક્ષણિક પ્રવૃત્તિમાં જશીબેનનો ફાળો અમૂલ્ય રહ્યો.

શાળાકીય પ્રવૃત્તિમાં તેમણે સંગીતને પણ પ્રાધાન્ય આપ્યું. નાટકોમાં રંગમાધુકરી, વડલો અને પોસ્ટ ઑફિસ ગણનાપાત્ર રહ્યા.

તેઓ ઉત્તમ લેખક પણ હતા. તેમની લેખનશૈલી, વર્ણનો, બાળકોના ઉછેરની ઉપયોગી વાતોથી વાલીઓ પ્રભાવિત હતા. સરસ્વતી વિદ્યામંડળ દ્વારા આ દંપતિના નેતૃત્વ હેઠળ શરૂ થયેલી શિક્ષણયાત્રાને શબ્દદહે આપી છ જેટલા અનુભવજન્ય પુસ્તકો પ્રગટ કર્યા, તેમજ સરસ્વતી વિદ્યામંડળની લાંબી શૈક્ષણિક મંઝિલને ''સ્મરણયાત્રા'' નામના પુસ્તકમાં સમાવી, તમામ શૈક્ષણિક પ્રવૃત્તિને ઉજાગર કરવાનું ભગીરથકાર્ય કર્યું. તેમના આ સંસ્મરણોને ગુજરાતના વાંચકોએ અને શિક્ષણપ્રેમીએ ઉમળકાભેર આવકાર્યો. આ બધા કાર્યોના પરિપાકરૂપે ૧૯૯૯માં એકલવ્ય એવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યા.

જ્યારે કોઈ શિક્ષક દંપતિ શિક્ષણમાં એક સાથે કામ કરે છે ત્યારે શિક્ષણના અનેક આયામોને અમલમાં મૂકવાનું કામ સરળ અને અસરકારક બને છે. રઘુભાઈ જશીબેનની બેલડીએ શિક્ષણની સાથે વિવિધ પ્રવૃત્તિઓની સ્થાપના કરી. જીવનલક્ષી કેળવણી, ગાંધીનગર પાસે આવેલ અમિયાપુર ગામ દત્તક લઈ શિક્ષણમાં શ્રમના મૂલ્યને સમજાવ્યું. તેમની શિક્ષણ પૂરક પ્રવૃત્તિમાં સંગીત, ભક્તિ સંગીત બિરાદરી, વર્ષામંગલ, વસંતોત્સવ, નાટકો, રાષ્ટ્રીય તહેવારો મુખ્ય હતા. આ સાથે સાથે પ્રવેશોત્સવ, વાલીદિન, વિદ્યાર્થીસંઘ, બૃહદસભા, વિનીત વિદાય કાર્યક્રમ, સમયાંતરે શિક્ષક સભાઓ, હરભાઈ સ્મારક નિધિના ઉપક્રમે શૈક્ષણિક વ્યાખ્યાનો, તેમજ શિક્ષકોના વ્યક્તિગત, સામૂહિક અને શૈક્ષણિક કાર્યોના વિકાસ માટે દર વર્ષે યોજવામાં આવતા શૈક્ષણિક સેમિનારો ધ્યાનાકર્ષક અને ઉપયોગી રહ્યા.

આજે તેમના શૈક્ષણિક કાર્ય થકી, (૧) શેઠ અ.હ. સરસ્વતી વિદ્યાલય (૨) જે.એન. બાલિકા વિદ્યાલય (૩) અસારવા વિદ્યાલય, (૪) સરસ્વતી કુમાર શાળા નં.૧ (૫) સરસ્વતી કુમાર શાળા નં. ૨ અને (૬) બાલભારતી જેવા શિક્ષણકેન્દ્રો કાર્યરત છે. આ શાળાઓમાં આજે લગભગ પાંચ હજાર વિદ્યાર્થીઓના ચારિત્ર્ય અને સંસ્કાર ઘડતરનું કાર્ય સારી રીતે થાય છે. તેમની ઈચ્છા અનુસાર આ સંસ્થાનું સંચાલન શાળાના પૂર્વ વિદ્યાર્થીઓ જ કરે છે.

આ ઋષિ દંપતિનો શિક્ષણ જગતને સંદેશો છે કે,... ''હે શિક્ષકો, તમારી પાસે આવેલા બાળકોને પોતાના ગણો. તેમની સાથે હંમેશાં હકારાત્મક દૃષ્ટિ રાખીને વર્તો. તો તમે આપેલા સંસ્કાર અને શિક્ષણ આપોઆપ ખીલી ઊઠશે.

આવા શિક્ષણ જગતના શિરમોર, પોતાના જીવનને શિક્ષણ માટે સમર્પિત કરનાર રઘુભાઈ જશીબેનની આ બેલડીને અનેકાનેક પ્રણામ.

# મરાઠી કવિઓ આપે?

- કાકાસાહેબ કાલેલકર

નાનપણમાં ભવ્યતાનું જે પ્રથમ દર્શન કે પ્રદર્શન થયું તે સહ્યાદ્રિના ઘાટોમાં જ. સાવંતવાડી તરફનો અંબોલીઘાટ, ગોવાને રસ્તે આવતો દૂધસાગરનો તિનઈઘાટ અને મુંબઈ પૂના વચ્ચેનો બોરઘાટ — આ ત્રણ ઘાટો કરતાં અધિક ભવ્યતા બીજે ક્યાંય હોઈ શકે એવી કલ્પના સરખી થતી નહીં. આ ત્રણ ઘાટ વચ્ચે આવેલો મહારાષ્ટ્ર નાની નાની ટેકરીઓ, વાંકાચૂકાં ખેતરો, આંબાવાડીઓ તથા ઘાસનાં બીડોને લીધે આકર્ષક લાગતો. મહારાષ્ટ્રના દરરોજના સૂર્યોદય તથા સૂર્યાસ્ત એવા દરબારી રુઆબના હોય છે કે જોતજોતામાં પોતાના વિવિધ રંગ બદલીને થોડા જ વખતમાં ખેલ આટોપી લેવાની તેમને આટલી અધીરાઈ શાની થતી હશે એવો વિચાર આવી મનમાં ચીડ ચડે છે. મહારાષ્ટ્રનાં ગાયભેંસનાં ધણ, ઘેટાં અને બકરીનાં ટોળાં તથા હવામાં ઊડતાં હરણોનાં ઝુંડ એક વાર જોયા પછી તેનું ચિત્ર કેમે કરીને હૃદયમાંથી ભૂંસાતું જ નથી.

મહારાષ્ટ્રનાં પક્ષીઓની હારો આકાશમાં સર્પાકારે ઊંચે ઊડતી હોય ત્યારે આ વરુણનું લશ્કર કયા નવા પ્રદેશ જીતવા માટે સીમોલ્લંઘન કે અસીમોલ્લંઘન કરી રહ્યું છે તેની તપાસ કરવાનું સહેજે મન થઈ જાય છે. પણ મહારાષ્ટ્રનું ભાવિ તો તેની સહ્યાદ્રિરૂપ કરાડ સાથે તથા તેની ઉપર વીરોના માળા જેવા શોભતા કિલ્લાઓ સાથે સંકળાયેલું છે એમાં સંદેહ નથી.

તો પછી મહારાષ્ટ્રના કવિઓએ તથા ભાટચારણોએ આ પહાડોના ભવ્ય અને સુંદર વિસ્તારનું વર્ણન કરીને પોતાની વાણી આજ સુધી કેમ પાવન કરી નથી? આ અલૌકિક સૌંદર્યનાં દર્શનથી રસમત્ત થયેલી પોતાની વાણી-સુધાનો માદક આસ્વાદ લેવા રસિક જનોને આમંત્રણ કેમ આપ્યાં નથી? પ્રાચીન કવિઓને ધર્મજડ અને ભક્તિમૂઢ માનનારા આધુનિક કવિઓએ પણ અહીંની અદ્ભુત - રમ્યા વનશ્રી વિશે મહાકાવ્યો ક્યાં રચ્યાં છે?

મહારાષ્ટ્રની ઉત્તુંગ ભવ્યતાનું વર્ણન કરવાનું સામર્થ્ય જ આપણામાં નથી એમ માનીને બધાએ આ આખો વિષય જ કોરે મૂક્યો હોત તો તેમાં પણ એક રીતે ઔચિત્ય જળવાયું એમ કહી શકાત. પણ કેટલાક કવિઓએ સંસ્કૃત તથા અંગ્રેજી કાવ્યોનું અનુકરણ કરીને મહારાષ્ટ્રની ભૂમિનું સાદી ઘરગથ્થુ ભાષામાં વર્ણન કરવાના પ્રયત્નો કર્યા છે. તેથી ફરી

સવાલ ઊઠે છે કે જેની ભવ્યતાનું ગળથૂથીમાં જ પાન કરીને શિવાજી, સંભાજી તથા રાજારામ જેવા વીરો પેદા થયા; ધનાજી, બાજી તથા ખંડોબલ્લાળ જેવા રાષ્ટ્રસ્તંભો જે મહારાષ્ટ્રના ખડકોમાંથી કોતરાયા; તે જ રાષ્ટ્રમાં ઉત્તુંગ પ્રતિભા વ્યક્ત કરનારા અને હૃદયમાં મહત્ત્વાકાંક્ષાના સ્વૈર નાચ નચાવનારા કવિઓ કેમ પેદા થયા નથી? અને એવા નાનામોટા કવિઓ જો થઈ ગયા હોય અને તેમનાં પ્રકૃતિકાવ્યો ખાણનાં રત્નોની જેમ ઠેકઠેકાણે વેરાયેલાં હોય તો તે બધાંને એકઠાં કરીને મહારાષ્ટ્ર ભૂમિનાં યશોગાન ગાતાં નિસર્ગકાવ્યો એક ખામણામાં બેસાડવાનું કાર્ય આજ સુધી કેમ કોઈએ પણ કર્યું નથી?

સ્કૉટલૅન્ડનાં સરોવરનો જ દાખલો લઈએ. તેના પહાડોની ખીણોમાં તથા સરોવરોના વાંકાચૂકાં કિનારા ઉપર ભટકતા કવિઓએ દરેક ગુફા, દરેક શિખર, દરેક અરણ્ય અને દરેક સરોવરને પોતાની કવિત્વશક્તિથી અમર બનાવ્યું છે. આ કવિઓનાં વર્ણનો વાંચીને જેમનાં હૃદય ભાવભીનાં થઈ ગયાં છે એવાં સંખ્યાબંધ પ્રવાસીઓ દુનિયાના જુદા જુદા દેશોમાંથી સ્કૉટલૅન્ડ આવે છે અને પોતાના હૃદયની ભક્તિ તથા ખીસામાંના પૈસા ત્યાં ઠાલવે છે. મહારાષ્ટ્રની દરેક ખીણમાં સ્વાતંત્ર્યવીરોએ પોતાનું ઊનું ઊનું લોહી રેડ્યું છે. મહારાષ્ટ્રમાં ઇતિહાસ કે દંતકથાઓનો દુકાળ નથી. મહારાષ્ટ્રમાં ધર્મપરાયણ ચારિત્ર્યધન સંતોની અછત નથી તેમ જ જેથી કલ્પના પણ થથરી ઊઠે અને શરીરે બાવળના કાંટા જેવડાં રૂંવાં ખડાં થાય એવી ભૂત-પિશાચોની વાર્તાઓ પણ મહારાષ્ટ્રમાં કંઈ ઓછી નથી. મહારાષ્ટ્રના સાપ, તથા મહારાષ્ટ્રના દીપડાઓ, મહારાષ્ટ્રના શિકારીઓ તથા મહારાષ્ટ્રના માંત્રિકો-એમણે પણ અદ્‌ભુતરસ પૂરો પાડવામાં પોતાનો પૂરતો ફાળો આપેલો છે. તો પછી સમુદ્ધ મહારાષ્ટ્રગિરા આ બાબતમાં કંગાલ શાથી? અને મહારાષ્ટ્રગિરાને વિષય સૂઝતો નથી એમ કહી માથું ખંજવાળવાનો અને એ મૂંઝવણને જ કવિતાનો વિષય બનાવવાનો વારો શાથી આવ્યો છે?

નાનપણના દિવસોમાં આ ત્રણ ઘાટ જ્યારે જ્યારે જોતો ત્યારે ત્યારે હૃદય ઊભરાઈ આવતું અને ક્ષણમાત્ર કૃતાર્થ થયા જેવું લાગતું. પણ બીજી જ ક્ષણે એમ થતું કે આ બધું સૌંદર્ય હૃદયમાં કેવી રીતે સંઘરી રાખવું, કોને આપું, કોને બતાવું? આવી ભવ્યતાને સંઘરવા માટે હૃદય પણ તેટલું જ ભવ્ય બનાવ્યા વિના ન ચાલે. પણ તે કેમ કરી કરવું? યોગીઓ પાસે અણિમા, મહિમા ઇત્યાદિ અષ્ટ સિદ્ધિઓ હોય છે; પણ આપણે કેમ કરીએ એમ થઈ જતું. અને હવે એમ થાય છે કે અફસોસ! આખો

(અનુસંધાન પૃષ્ઠ ૧૮ ઉપર)

# કુદરત સાથેનો સંવાદ : વિદ્યાર્થીઓના નાના હાથે મોટો બદલાવ!!

- ડૉ. નાનક, સુરેશ ભટ્ટ

માટીનો સ્પર્શ, પાણીની તાજગી અને પાંદડાંની હરિયાળી સાથે બાળકોને ફરી પ્રકૃતિની ગોદમાં લઈ જતી શિશુવિહાર સંસ્થાની અનોખી પહેલ માત્ર એક શૈક્ષણિક પ્રવૃત્તિ નથી, પરંતુ જીવનમૂલ્યોના સંવર્ધનનું સશક્ત અભિયાન છે. આધુનિક જીવનશૈલીના વધતા પ્રભાવ વચ્ચે બાળકોને પ્રકૃતિ સાથે ફરીથી જોડવાનો પ્રયાસ તેમના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. પર્યાવરણ જાળવણીનો વિચાર આગળ વધારી નવી પેઢીમાં સંસ્કાર સ્થપાય તે માટે ભાવનગરથી એક અનોખી પહેલ પ્રારંભાઈ છે. રોજિંદા જીવન સાથે સંકળાયેલી ત્રીસ વિવિધ સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની સંવેદના, સામાજિક જવાબદારી, પ્રયોગાત્મકતા અને જીવન-કૌશલ્યોનું સંવર્ધન કરવાનો પ્રયાસ જીવન શિક્ષણની દિશામાં એક અર્થપૂર્ણ પગલું બને છે. સ્વૈચ્છિક સંસ્થા તરીકે આ પહેલ માત્ર શૈક્ષણિક અભિગમ પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સામાજિક અને સાંસ્કૃતિક મૂલ્યોને નવી પેઢી સુધી પહોંચાડવાનો પણ એક સચેત પ્રયાસ છે.

પૃથ્વીના તાપમાનમાં થતી સેકન્ડ-બ-સેકન્ડ વૃદ્ધિ અને ગ્લેશિયરોના પીગળતા સમાચારો વચ્ચે, પર્યાવરણ સંરક્ષણનો વિષય આજે માત્ર વૈજ્ઞાનિકોની ચર્ચાનો નહીં, પણ દરેક ઘરના રસોડા અને વર્ગખંડનો વિષય બની ગયો છે. આ સમસ્યાનો ઉકેલ ઘણીવાર આપણને જટિલ લાગે છે, પરંતુ સાચો માર્ગ એ છે કે આપણે આપણી રોજબરોજની ટેવોને જ તપાસીએ. ભાવનગરની શિશુવિહાર સંસ્થાએ બરાબર આ જ બિંદુને ઉઠાવ્યું છે; તેમણે પર્યાવરણને મિત્ર બનાવતી ૩૦ સરળ પ્રવૃત્તિઓની એક યાદી બનાવી છે, જે બાળકોને પાંદડાં, માટી, પાણી અને પક્ષીઓની દુનિયા સાથે જોડે છે. નાની ઉંમરના બાળકો પોતાની સર્જનાત્મકતા અને જિજ્ઞાસા વડે પર્યાવરણની સુરક્ષામાં મોટો ફાળો આપી શકે છે. આજના વૈશ્વિક તાપમાન અને પ્રદૂષણના વધતા પડકારો વચ્ચે પર્યાવરણ સંરક્ષણ રોજિંદા જીવનના નાના-નાના નિર્ણયોમાં છુપાયેલ છે. આ વિચારને કેન્દ્રમાં રાખીને આ સંસ્થાએ એક સરાહનીય પહેલ વર્ષાઋતુના પ્રારંભથી સ્વાતંત્ર્ય પર્વ સુધી ૬૦૦૦ વિદ્યાર્થીઓ માટે શરૂ કરી છે. જે બાળકો અને તેમના વાલીઓને પર્યાવરણ સાથે જોડી સારી ટેવો તરફ પ્રેરિત કરે છે. આ

પહેલની સૌથી મહત્ત્વની ખાસિયત એ છે કે તે બાળકોને મોબાઈલ અને ઈન્ટરનેટના કૃત્રિમ વિશ્વમાંથી બહાર કાઢીને તેમને ૧,૮૦,૦૦૦ પ્રાકૃતિક સર્જનાત્મક પ્રવૃત્તિઓથી જોડશે.

શિશુવિહાર સંસ્થા માત્ર નવી પેઢીને કૌશલ્ય તાલીમ સાથે જોડનાર સંસ્થા છે, તે નવી પેઢીમાં સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોના વિકાસ માટે પણ પ્રતિબદ્ધ છે. આ સંસ્થા વર્ષ દરમિયાન ૪૦૦ થી વધુ ઉપક્રમો અને સામાજિક જાગૃતિ અભિયાનો, થકી પ્રતિવર્ષ ૩,૫૦,૦૦૦ નાગરિકોને મૂલ્ય શિક્ષણ સાથે જોડે છે. વિદ્યાર્થીઓને ફક્ત પાઠ્યપુસ્તકોના પાના સુધી મર્યાદિત ન રાખતાં તેમને વ્યવહારુ જીવન અને સમાજ સાથે જોડે છે. સંસ્થાની આ સક્રિય ભૂમિકા તેના વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, સમુદાય પ્રત્યેની જવાબદારી અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવની ભાવના કેળવે છે. તેમનો અભિગમ સ્પષ્ટ કરે છે કે સાચું શિક્ષણ શાળાની ચાર દિવાલોની બહાર ઊભેલા સમાજ સુધી પહોંચવું ઘટે. ભવિષ્યની પેઢીને વધુ સારી દુનિયા બનાવવા સક્ષમ હોવું ઘટે.

પર્યાવરણ જાગૃતિ માટે ૩૦ પારિવારિક પ્રવૃત્તિઓની વિગતો અત્યંત વિચારપૂર્વક ગોઠવવામાં આવી છે. જે આઝાદીના પ્રતીકાત્મક દિવસ ૧૫મી ઓગસ્ટ પહેલાં પૂર્ણ કરવાની રહેશે. આ પ્રવૃત્તિઓ માત્ર પર્યાવરણ માટે ઉપયોગી નથી, પરંતુ તે બાળકોમાં સર્જનાત્મકતા, મહેનત અને સંવેદનશીલતા પણ વિકસાવશે. તેમાંની પ્રથમ પ્રવૃત્તિ છે કુંડામાં છોડ વાવવો, ઉછેરવો અને પછી તેને કોઈને ભેટમાં આપવો. આ ક્રિયા બાળકને જીવનની કેળવણીનો મંત્ર શીખવે છે. કારણ કે તે એક બીજને માટીથી પોષણ આપીને ઊગતો જુએ છે અને પછી તેને કોઈ બીજા સુધી પહોંચાડીને સહિયારી ખુશી અનુભવે છે. બીજી પ્રવૃત્તિમાં ઝાડની નીચે પડેલા પાંદડાંને ચિપકાવીને ચિત્ર બનાવવાનું કહેવામાં આવ્યું છે, જે કુદરતી સંસાધનોનો રસપ્રદ અને પ્રદૂષણમુક્ત ઉપયોગ શીખવે છે. તેનાથી બાળકની કલ્પનાશક્તિને પણ વેગ મળશે. આ ઉપરાંત, ઘરના આંગણામાં કે અગાસીમાં ખાતર અને જંતુનાશક દવા વગર શાકભાજી ઉછેરવાની પ્રવૃત્તિ બાળકોને ઓર્ગેનિક ખેતીના ફાયદા સમજાવે છે. તેઓ જાણે કે રાસાયણિક ખાતરો વગર ઉગાડેલા શાકભાજી ઉછેરવાની પ્રવૃત્તિ બાળકોને ઓર્ગેનિક ખેતીના ફાયદા સમજાવે છે. તેઓ જાણે કે રાસાયણિક ખાતરો વગર ઉગાડેલા શાકભાજી કેટલા તંદુરસ્ત હોય છે અને તે જમીનની ફળદ્રુપતાને પણ લાંબા સમય સુધી જાળવી શકે છે.

શિશુવિહારથી પાણી અને પ્લાસ્ટિકના ઉપયોગ અંગે પણ સ્પષ્ટ માર્ગદર્શન મળે છે. એક પ્રવૃત્તિમાં સપ્તાહમાં ત્રણ દિવસ શાવર

(ફુવારા) હેઠળ નહાવાને બદલે ડોલમાં પાણી ભરીને નહાવાનું કહેવામાં આવ્યું છે. આ સામાન્ય લાગતી પ્રવૃત્તિ પાણીની બચતનું ઊંડું શિક્ષણ આપે છે. આ આદત જીવનભર પાણીની કિંમત સમજાવે છે. તેવી જ રીતે વિદ્યાર્થીને પ્લાસ્ટિકની બોટલને બદલે ધાતુના ગ્લાસ અથવા બોટલનો ઉપયોગ સૂચવી સિંગલ-યુઝ પ્લાસ્ટિક સામેની લડાઈમાં એક નાનું પણ અસરકારક પગલું મૂકાયું છે. આ ટકાઉ વિકલ્પ છે જે પર્યાવરણ પર પ્લાસ્ટિકનો બોજો ઘટાડે છે. પક્ષીઓ માટે પાણીનું કુંડુ મૂકવાની પ્રવૃત્તિ બાળકોમાં સહાનુભૂતિ અને જીવસૃષ્ટિ પ્રત્યે દયાની ભાવના જગાડે છે. આવી નાની-નાની ક્રિયાઓ દ્વારા બાળક સમજતું થાય છે કે આ દુનિયા ફક્ત માણસો માટે જ નથી, પણ અસંખ્ય પ્રાણીઓ અને પંખીઓ માટે પણ છે, જેમને જીવવા માટે પાણી, ખોરાક અને સુરક્ષિત સ્થાનની જરૂર હોય છે. આ આખી ઝુંબેશ દર્શાવે છે કે પર્યાવરણ સંરક્ષણ માટે મોટી શોધખોળની નહીં, પણ જીવનની રોજબરોજની પ્રવૃત્તિઓમાં કરવામાં આવતા સભાન ફેરફારોની જરૂર છે.

ખાસ વિદ્યાર્થીઓ માટેની રસપ્રદ અને શૈક્ષણિક પ્રવૃત્તિઓને વધુ ગંભીર બનાવવા માટે એક પુરસ્કાર વ્યવસ્થા પણ બનાવી છે. ૩૦ પ્રવૃત્તિઓ પૂર્ણ થયા પછી, વાલીઓએ પ્રવૃત્તિ ચાર્ટના પ્રથમ પાનાનો ફોટો સંસ્થાને મોકલવાનો છે. જે બાળકો આ ઝુંબેશમાં સક્રિય ભાગ લેશે, તેમને સંસ્થા તરફથી તેમના ઘરે 'પ્રમાણપત્ર' અને 'બેજ' પહોંચાડીને સન્માનિત કરવામાં આવશે. પર્યાવરણ જાગૃતિ અભિયાનમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટર જયદેવ દીપકભાઈ ઉનડકટનો પણ સહયોગ મેળવ્યો છે, જે યુવા પેઢી માટે પ્રેરણારૂપ છે. આ પહેલ પર્યાવરણીય ચેતના ફેલાવવાની એક સુંદર કડી છે, ડૉ. અશોક પટેલનાં ચિત્રાંકન અને પ્રો.ડૉ. સંજય તલસાણીયાનાં પ્રવૃત્તિ માર્ગદર્શનથી રસપ્રદ ચાર્ટ (સંપર્ક નં. ૭૦૪૩૩૩૨૧૦૦)થી વિના મૂલ્યે મળી શકે છે.

પર્યાવરણની સમસ્યા કોઈ એક વ્યક્તિ, સંસ્થા કે સરકારની એકલી જવાબદારી નથી, પરંતુ તે સામૂહિક પ્રયાસ છે. સામાજિક સંસ્થાઓ જમીની સ્તરે લોકોની માનસિકતા બદલવાનું કામ કરે છે. ભાવનગરની શિશુવિહાર સંસ્થાએ આ પહેલ દર્શાવે છે કે સમસ્યાને પડકારને બદલે ઉકેલ તરીકે જોવામાં આવે. આપણે સૌ પોતાના સ્તરે જળ-જમીનની જાળવણી, કચરાનું વર્ગીકરણ, પ્લાસ્ટિકનો ત્યાગ અને વૃક્ષારોપણ જેવી ટેવો અપનાવીશું, તો સાંકળ પ્રત્યેક ઘર, શાળા અને શહેરને જોડાતી જશે. આવનારી પેઢી માટે એક ટકાઉ, સ્વચ્છ અને પ્રદૂષણમુક્ત પૃથ્વીનું સ્વપ્ન સાકાર થઈ શકશે.

# અનુભવ કથા : બાળકનું મન

- દીવાન ઠાકોર

શિક્ષક તરીકેનું કાર્ય કરવાનો અવસર મને મળ્યો એમાં પરમાત્માની કૃપા હશે એમ હું માનું છું. સચિવાલયમાં ક્લાર્કની નિમણૂક પત્ર સામે પડ્યો હતો. ભાગ્યવશ શાળાની નોકરી પણ મળી. અંતે એ પસંદ કરી. મને ભણવાનું ભણાવવાનું ગમે. મારી શાળા દીવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ. હું ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં કામ કરું. ધોરણ-૧૧માં વર્ગશિક્ષક.

ધોરણ-૧૨માં મારો તાસ ચાલે. હું આંકડાશાસ્ત્ર ભણાવતો હતો. બોર્ડ પર દાખલો ગણતો હતો. મારું ધ્યાન દાખલામાં હતું. એટલામાં કોઈ વિદ્યાર્થીએ ચીસ પાડી. મેં પાછળ ફરીને જોયું વર્ગમાં અદ્‌ભુત શાંતિ હતી. પાટલીઓ પર બેઠેલા વિદ્યાર્થીઓ દાખલો ગણી રહ્યા હતા. મેં શંકાને આધારે છેલ્લી પાટલી પર નજર કરી. પાટલી પર બેઠેલાં વિદ્યાર્થીઓના ચહેરા શાંત હતા. મનમાં કશું નોંધાયું નહીં. મેં દાખલમાં મન પરોવ્યું.

થોડીવાર પછી ફરી ચીસ પડી. આ વખતે મેં દાખલો ગણવાનું બંધ કરી છેલ્લી પાટલી પર બેઠેલાં એક વિદ્યાર્થીને અનુમાનને આધારે ઊભો કરી ખખડાવ્યો. એ વિદ્યાર્થીએ પોતાનો બચાવ કર્યો.

મેં કહ્યું, ‘છેલ્લી પાટલી પરથી અવાજ આવ્યો છે. તે ચીસ પાડી નથી તો કોણે ચીસ પાડી એ કહે. તારે તાસ પતે એટલે મારી સાથે ઑફિસમાં આવવાનું છે.’ એ વિદ્યાર્થી ગભરાયો અને એણે બાજુમાં બેઠેલો વિદ્યાર્થી જેણે ચીસ પાડી હતી તેના તરફ આંગળી કરી. મેં તેને ઊભો કરી વર્ગ બહાર મોકલ્યો.

હું શિક્ષક જીવનમાં અનુભવને આધારે ઘણું શીખ્યો છું. વિદ્યાર્થીને શિક્ષા કરવાનું મને ન ગમે. હું એને સમજાવું, ગુસ્સે ન થાઉં. મોટેભાગે બે મિનિટ માટે બહાર કાઢી પછી અંદર બોલાવી લઉં.

તાસ પત્યો એટલે પેલા બહાર ઊભેલા વિદ્યાર્થી પાસે ગયો.

કહ્યું, કેમ ચીસ પાડી? ભણવા આવે છે કે ચીસો પાડવા?

એ બોલ્યો, ‘સાહેબ, મને માફ કરો. હવે એવું નહીં કરું. મને જવા દો.’

‘તારા પપ્પાને કાલે બોલાવતો આવજે. પપ્પા આવશે તો જ તને વર્ગમાં બેસવા મળશે.’ મેં કડક અવાજે કહ્યું. તેના ચહેરા પર ડર હતો. હું હંમેશા બાળકોને માફ કરવાના મૂડમાં રહેતો. વિદ્યાર્થીને વિશ્વાસ અપાવ્યો કે તેના પપ્પાને કોઈ ફરિયાદ નહીં કરું. બીજે દિવસે મેં તેના પપ્પા સાથે વાતચીત કરી. મને

તેના ચીસ પડવાનું કારણ જડ્યું. તેનો નાનો ભાઈ જેની સાથે તે ભણતો હતો, રમતો હતો, જેની સાથે તે લડતો, ઝઘડતો હતો અને મોટો થતો હતો તે અસાધ્ય રોગથી મૃત્યુ પામ્યો હતો. તેનો વિયોગ તે સહન કરી શક્યો ન હતો. તેની યાદ આવતાં, એ યાદ સહન થતાં ચીસ પાડી ઉઠતો. આપણે મોટાઓ સંજોગો સ્વીકારીને તેની સાથે સમાધાન કરી શકીએ છીએ. પણ બાળકો એમ કરી શકતા નથી. એના હૃદયમાં ગઠ્ઠો થઈને પડેલી વેદના એને ચીસ પાડવા મજબૂર કરે છે. ચીસ દ્વારા એ પેલી અકથ્ય વેદનાથી થોડી ક્ષણો માટે મુક્ત થઈ હળવાશ અનુભવે છે. તો એને માટે શું સજા હોય?'

---

**(અનુસંધાન પૃષ્ઠ ૧૩ થી ચાલુ)**

જન્મારો ગયો; આ વિશાળતા, આ દૃઢતા અને આ વીરતા વ્યક્ત કરવા માટે પૂરતી ભાષા આજ સુધી કેમ ન કેળવી?

મુંબઈથી પૂના અને પૂનેથી પાછા મુંબઈ 'દખ્ખણની રાણી'નો આશ્રય લઈ દોડધામ કરનારા મહારાષ્ટ્રીઓ કંઈ ઓછા નથી. પચાસ રૂપિયા ખરચી યાંત્રિક પાંખોની મદદથી આ જ પ્રદેશ ઉપરથી ઊડી જનારા મહારાષ્ટ્રીઓ પણ થોડાક તો હશે જ. પણ સહ્યાદ્રિના ચેતોહર ભૂભાગોની એક સ્વતંત્ર ચિત્રમંજૂષા (album) પણ આજ સુધી કોઈએ બનાવી નથી. ઉનાળાના દાવાનળ, શિયાળાનું ધૂમસ, ચોમાસાની વનશ્રી અને પહાડને ખોળે નિર્ભય થઈને કૂદંકૂદા કરતા જળપ્રપાત એમનું કાવ્ય પણ કોઈએ રચ્યું નથી.

ભાવિક લોકો કહે છે કે જાત્રાનાં ધામો સુલભ થવાની સાથે જાત્રાનું પુણ્ય ઓછું થાય છે. પુણ્ય તો ક્ષીણ થતું હશે જ, પણ સુલભતાને લીધે શ્રમશૂન્ય પ્રવાસ કરતાં કરતાં કાવ્યવૃત્તિની પ્રતિભા સુધ્ધાં બુઠ્ઠી અને ક્ષીણ થતી હોવી જોઈએ.

તો પછી શું સહ્યાદ્રિની દરેક કરાડને ને દરેક ખીણને અંગ્રેજો જ પોતાનાં નામ આપ્યા કરવાના? અને આપણે અંગ્રેજી સાહિત્ય દ્વારા તે માહિતીમાં નિષ્ણાત હોવાની બડાઈ હાંક્યા કરવાના?

★

આ મારો કાગળ પ્રસિદ્ધ થાય તો મહારાષ્ટ્રભિમાની એવા અનેક આધુનિક સાહિત્યવીરો તેના ઉપર ચર્ચાત્મક લેખોનો મારો ચલાવશે અને ગુજરાતમાં રહીને, ગુજરાતી બની જવાથી મારામાં મહારાષ્ટ્રાભિમાની રહ્યું જ નથી એમ કહી મને હસી કાઢશે. તેમને હું શી રીતે સમજાવું કે મારે બચાવના લેખો નથી જોઈતા પણ હું માગું છું તે જ મારે જોઈએ છે? મને જોઈએ છે તે આપો નહીં તો મારું નામ ન દેશો એમ હું કઈ ભાષામાં તેમને સમજાવી શકું?

# સાંપ્રત : પરિણામની પરીક્ષા...

- રાઘવજી માધડ

શિક્ષણનું પહેલું કામ છે માણસની સંવેદના ઘડવાનું, સંકોરવાનું તથા માણસમાં રહેલા ચેતન તત્ત્વને બહાર લાવવાનું. સ્વામી વિવેકાનંદે કહ્યું છે : 'માનવીમાં રહેલી પૂર્ણતાનું પ્રકટીકરણ કરવાનું કામ શિક્ષણનું છે.' ટૂંકમાં કહેવું હોય તો એક ઉત્તમ માણસનું ઘડતર કરવું તે શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ્ય છે. આ બધું આપણે સૌ જાણતા ને સમજતા હોવા છતાં, શિક્ષણમાં જે તરફ ગતિ કરી રહ્યા છીએ અથવા ગતિ વિધિ થઈ રહી છે તે સર્વાંગી વિચારણા કે મૂલ્યાંકન માંગી તેવી લાગે છે.

જીવન માટે પરીક્ષા છે કે પરીક્ષા માટે જીવન... સમજવું અઘરું થઈ ગયું છે.

બોર્ડના પરિણામોના જાહેર થયા બાદ વાલી-વિદ્યાર્થીઓમાં પાસ-નાપાસ સંદર્ભે ક્યાંક ખુશી તો ક્યાંક ગમનું વાતાવરણ પ્રસરતું હોય છે. એકબાજુ તેજસ્વી તારલાઓના રૂપાળા શીર્ષક હેઠળ ઊંચું મેરીટ લાવનારાં વિદ્યાર્થીઓનો જયજયકાર થઈ રહ્યો છે ને ક્યાંક કોઈનો લાડકવાયો, મોં બતાવવા લાયક રહ્યો નથી એવું સાવ ખોટું સમજીને આપઘાતની ઘાત તરફ ધકેલાઈ રહ્યો છે... અથવા તો અંધકારમય ભાવિમાં ભીંસાઈ રહ્યો છે. જ્યારે સારુંને ઊંચું પરિણામ લાવનારાં વિદ્યાર્થીઓના વાલીઓ, જગ જીતી ગયાં હોય તેમ ઉન્નત મસ્તાકે ફરે છે અને અસફળ રહેલાં વિદ્યાર્થીઓના વાલીઓ જાણે સઘળું જ ગુમાવી બેઠાં હોય અથવા ખરાબ થયું હોય એવી હીણપત અનુભવતા, કોઈને મોં બતાવવા તૈયાર થતાં નથી. શિક્ષણનું કામ આ નથી. શિક્ષણ થકી ઉન્નત અને બહેતર જીવન જીવવાની જડીબુટ્ટી જડવી જોઈએ અથવા પ્રાપ્ત થવી જોઈએ. સાચાં અર્થમાં શિક્ષણ પામ્યા પછી... પણ ઉગમણી દિશા ભણી જવા નીકળેલો આ કાફલો, આથમણી દિશામાં આંધળીદોટ દઈ રહ્યો હોય એવું લાગે છે!

આ ગોઠડી કરવાનો મુખ્ય મુદ્દો છે એક બાજુ તેજસ્વી તારલાઓનું સમ્માન અને બીજી તરફ આ પરીક્ષામાં નિષ્ફળ રહેલાં વિદ્યાર્થીઓ પર થતી વિપરીત અસરનો. જેઓ મહેનત કરી સારું પરિણામ લાવી શક્યા છે. ધ્યેયને પ્રાપ્ત કરવા અવિરતપણે આગળ વધી રહ્યા છે તે સર્વ વાલી-વિદ્યાર્થીઓને વંદન અને અભિનંદન. સારા કાર્ય-પરિણામની ઉચિત પ્રશંસા કરી, પ્રોત્સાહિત કરવાની આપણા સૌની પવિત્ર અને અગત્યની ફરજ છે. જે સમાજ તેનાં સાક્ષરોને ઉચિત રીતે સમ્માનતો કે કદર કરતો નથી તે સમાજ નથી પણ અનાયતે એકઠું થયેલું ટોળું છે!

આજે જ્ઞાતિ, ગામ, ગોળ, પરગણા... વગેરે બેનર તળે આવાં તેજસ્વી તારલાઓને

સમ્માનવાના કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. સારી બાબત છે. આવું થવું જોઈએ. પણ ક્યાં સુધી? તેની કોઈ મર્યાદા કે સીમા રેખા હોઈ શકે... નથી. એટલે તેની પછવાડે બીજી બાબતને છેડવી છે... પ્રશંસા પ્રભુને પણ વ્હાલી છે તેવું વાંચેલું છે. પણ કેટલી... એટલી!? આવા કાર્યક્રમોમાં ક્યારેક કોઈ ઉત્સાહી વક્તા, આ તેજસ્વી તારલાઓના વખાણનો અતિરેક કરી મૂકતા હોય છે. નાદાન વિદ્યાર્થીને આ વખાણનો નશો ચઢી જતો હોય છે ને ક્યારેક વિપરીત પરિણામ પણ આવતું હોય છે. વરસો પહેલા બોર્ડમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીને જે તે સંસ્થા-કૉલેજ સામેથી બોલાવી એડમિશન આપતી હતી. પણ એડમિશન આપી ગૌરવ અનુભવતી સંસ્થા - કૉલેજ પાછળથી પસ્તાઈ હોવાના બનાવો બન્યા છે... જ્યારે ટોપમાં આવેલા સ્ટુડન્ટ પ્રથમ વર્ષે જ ધબડકોવાળી નાપાસ થયો હોય! પ્રશંસાનો નશો જેટલો પ્રેમાળ છે એટલો જ ખિજાળ છે. તેને પચાવવો ભારે અઘરો હોય છે. વખાણેલી ખીચડી દાંતે ચોંટી... કહેવત ખોટી ન પડે!

આજકાલ સોશ્યલ મીડિયામાં આવા તેજસ્વી તારલાઓની તસવીરોની બોલબોલા છે. ઉપર લખ્યું હોય : અમુક-તમુક જ્ઞાતિનું ગૌરવ! આપણે વાડા-ગોળ... એવું કોઈ કુંડાળું દોરી તેમાં આ શ્રેષ્ઠ છે એવું શોધી દેખાડતા હોઈએ છીએ. જેની ભવિષ્યમાં હાનિકારક નીવડવાની સંભાવના નકારી શકાતી નથી. સારું કરવાની ભાવના, જાણ્યે-અજાણ્યે ખરાબ પરિણામ લાવતી હોય છે. ખરેખર તો એ રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ હોવું જોઈએ. સંતાન આપણા થકી આવ્યા છે પણ ખરેખર તેઓ સમાજ ને રાષ્ટ્રની અમૂલ્ય સંપત્તિ છે. કોઈ એવી સંસ્થાઓ પોતાનો વ્યાપાર વધારવા આવો ઉછીનો પ્રચાર કરે તો વળી અમુક ક્લાસીસ વાળા આવા ટોપટેન સ્ટુડન્ટને પોતાના ખાતે ખતવી લઈ બહોળી પ્રસિદ્ધિ કર્યાના બનાવો પણ બહાર આવતા વાંચ્યા છે. એક સમજદાર વાલી તરીકે આ વિચાર કરવા યોગ્ય મુદ્દો છે. ક્યાંક આપણું સંતાન આ કુંડાળામાં તો આવી નથી ગયું ને!

ખાસ કરી સ્કૂલના પરિણામો જાહેર થયા પછી ફેસબુક, વોટ્સએપ... જેવા માધ્યમો માર્કશીટ-પરિણામ પત્રકોથી ઉભરાવા લાગ્યા છે. તે પણ ઊંચું મેરીટ ધરાવતાં હોય તે... પચાસ કરતાં ઓછું મેરીટ હોય એવી કોઈ માર્કશીટ જોવા મળી નથી. (તેઓ કદાચ નાનપ કે હીણપત અનુભવતા હશે) આનંદ-ખુશીને વહેંચવાનો આપણે ત્યાં વાટકી વ્યવહાર છે. જેથી આપણા પાલ્યને સેલ્ફ ફાઈનાન્સ સ્કૂલે આપેલા ઊંચા પરિણામને ખુશી કે ગૌરવરૂપે આમ પ્રસારતા હોઈએ છીએ. પણ કેટલીક સ્કૂલો તો ઊંચું મેરીટ આપવા જ જન્મી હોય એવું લાગે. સાડીનવાણું ટકા સુધી પહોંચી જાય છે! જે સંતાનને શરૂઆતના તબક્કે ટકાવારી સાથે સ્નાન-સૂતક નથી, કશી જ ખબર નથી તેનાં કુમળા માનસમાં આ ઊંચા મેરીટ-ટકાવારીનું મીઠું ઝેર પ્રસરી જતું હોય છે. પછીના વરસોમાં તેને ઓછું પરિણામ ખપતું જ હોતું નથી.

(અનુસંધાન પૃષ્ઠ ૪૦ ઉપર)

# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી અસારવા વિદ્યાલય










# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી શેઠ અ. હ. સરસ્વતી વિદ્યાલય















# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી જે. એન. બાલિકા વિદ્યાલય



















# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી સરસ્વતી કુમાર શાળા નંબર - ૧

















# શિક્ષણ : સુગ્રથિત માનવનું સર્જન

- હરેશ ધોળકિયા

વ્યક્તિ, સમાજ, દેશ કે વિશ્વને સ્વસ્થ બનાવવા હોય તો એક માત્ર ઉપાય છે ''શિક્ષણ''. સ્વસ્થ જીવન જીવવું હોય, સ્વસ્થ સમાજ બનાવવો હોય, સ્વસ્થ અને પ્રગતિશીલ દેશ કે વિશ્વ બનાવવા હોય, તો પણ શિક્ષણ જ એક માત્ર ઉપાય છે.

એટલે જ સમગ્ર જગતમાં વિચારકો અને સમાજ પ્રેમીઓ મહત્તમ વિચાર શિક્ષણનો જ કરે છે. કોઈ કહેશે કે સમાજ માટે આરોગ્ય પ્રથમ પસંદગી હોવી જોઈએ. એ વાત સાચી છે, પણ માની લો કે સમાજને તંદુરસ્ત કરી દીધો, પણ જો સમાજ પાસે કોઈ ધ્યેય જ નહિ હોય કે કોઈ વિચાર શક્તિ જ નહિ હોય, તો તે સ્વસ્થ કેમ રહી શકશે. માત્ર શારીરિક તંદુરસ્તી પૂરતી નથી. સાથે માનસિક અને બૌદ્ધિક ક્ષમતા પણ પૂર્ણ સ્વાસ્થ્ય માટે અનિવાર્ય છે. એટલે જ અનેક લોકો પોતાના વિચાર પ્રમાણે શાળાઓ કે કૉલેજો ખોલે છે અને તે પ્રમાણે વિદ્યાર્થીઓને તૈયાર કરે છે.

પણ, તકલીફ એ છે કે, મોટા ભાગના શિક્ષણકારો જેને પોતાના વિચારો કે આદર્શો કહે છે, તે મોટા ભાગે સંકુચિત હોય છે. તેના પર સાંસ્કૃતિક કે ધાર્મિક કે રાષ્ટ્રીય ખ્યાલોનો પ્રભાવ હોય છે. પરિણામે આ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને એકાંગી શિક્ષણ મળે છે. તેઓ સ્થાપકોના વિચારોથી પ્રભાવિત થાય છે. પરિણામે તેઓ વિશાળ ચિંતન કરવા સમર્થ નથી બની શકતા. અનેક લોકોએ શિક્ષણને ''હાથ-પગ-હૃદયની કેળવણી'' કહી છે, તો કેટલાકે ''પૂર્ણતાની અભિવ્યક્તિ'' કહી છે. બધા સાચા છે, પણ ક્યાંક અધુરાશ લાગે છે.

આપણા કૃષ્ણમૂર્તિએ પણ શિક્ષણ વિશે ચિંતન અને પ્રયોગો કર્યા છે. આપણે જાણીએ છીએ કે કૃષ્ણમૂર્તિ તો ક્રાંતિકારી વિચારો ધરાવતા હતા. તે કોઈ પણ વિચાર કે ખ્યાલ સાથે બંધાવા માગતા જ ન હતા. તે માનતા હતા કે મનુષ્યે પરમ સ્વતંત્ર રહેવાનું છે. કોઈ પણ વિચારથી ગ્રસ્ત થવાનું નથી. મનને સંપૂર્ણ મુક્ત રાખવાનું છે. તેણે એકાંગી નથી બનવાનું. કોઈના આધારિત પણ નથી થવાનું. પૂર્ણ સ્વાવલંબી થવાનું છે. આ સંદર્ભમાં તેમણે શિક્ષણ વિશે શું વિચાર્યું છે તે જાણવું રસપ્રદ બને છે. તેમનાં વિવિધ પ્રવચનોમાં અને તેમણે પોતાની શાળાના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યા છે. તેમાંથી તેમના શિક્ષણ વિશેના વિચારો જાણવા મળે છે. થોડા તપાસીએ.

કૃષ્ણમૂર્તિની શિક્ષણ વિશેની વ્યાખ્યા શું છે?

તે કહે છે કે,''શિક્ષણ એ કેવળ જ્ઞાનનો સંગ્રહ નથી, પણ બુદ્ધિ અને સંવેદનાની કેળવણી પણ છે.'' સામાન્ય શિક્ષણમાં જ્ઞાનનો સંગ્રહ જ મુખ્ય મનાય છે. બાળકો સામે વિવિધ વિષયોની માહિતી રજૂ કરવામાં આવે છે અને તેને યાદ કરવાનું કહેવામાં આવે છે. જેને વધારે યાદ રહે છે, તે ''હોંશિયાર'' કહેવાય છે. યાદશક્તિ સાથે બુદ્ધિ કેટલી ખીલી તે ભાગ્યે જ તપાસાય છે. અને સંવેદનાનું શિક્ષણ તો ભાગ્યે જ આપવામાં આવે છે. વાંચો, યાદ રાખો, પરીક્ષામાં તે જ્ઞાનને ઠાલવી દો! બસ, વાત પૂરી. તે જ્ઞાનની ઉપયોગિતા કેમ તપાસવી, તેનું વિશ્લેષણ કેમ કરવું, તે જ્ઞાનથી, વ્યક્તિથી વિશ્વમાં કેમ સ્વસ્થતા વધે વગેરે બાબતે ભાગ્યે જ ચિંતા કરવામાં આવે છે. કૃષ્ણમૂર્તિ માટે જ તેને શિક્ષણ નથી કહેતા.

એટલે જ તે આગળ કહે છે, ''શિક્ષણનો હેતુ એક એવી સુગ્રથિત વ્યક્તિને પ્રગટાવવાનો છે, જે જીવનને સમગ્રતા અને સુગ્રથિતતાથી જોઈ શકે. એટલે કે શિક્ષણના અંતે વિદ્યાર્થી જ્યારે બહાર નીકળે, ત્યારે તેની પાસે સમગ્ર અને સુગ્રથિત દૃષ્ટિ હોવી જોઈએ. તે ટુકડામાં, આંશિક, સંકુચિત ચિંતન ન કરે કે તેના આધારે કોઈ કાર્ય ન કરે. જ્યારે પણ તે આયોજન કરે, ત્યારે તે વિશાળ સંદર્ભમાં જ વિચાર કરે. કોઈ જ્ઞાતિ, જાતિ, પ્રદેશ સંદર્ભમાં ન વિચારતાં તે સમગ્ર દેશ કે સમગ્ર માનવજાતના સંદર્ભમાં જ વિચારે. બુદ્ધ કહે છે તેમ ''બહુજન હિતાય અને બહુજન સુખાય.'' અથવા ગાંધીજી કહે છે તેમ ''સર્વોદય ચિંતન'' કરે. આવું કરે તે જ સુગ્રથિત વ્યક્તિ છે એમ કહી શકાય.

પણ કૃષ્ણમૂર્તિ ભાર મૂકે છે ''વિચાર'' પર. મોટાભાગના સમાજો પોતાના લોકોને વિચાર કરવા પર નહિ, માની લેવા પર, શ્રદ્ધા પર ભાર મૂકે છે. સમાજને સંગઠિત રાખવો હોય તો શિસ્ત, આજ્ઞાકિતતાને મહત્ત્વ આપવું જોઈએ. પણ આ તો લશ્કરી માનસ જ જન્માવે. સમાન વિચાર, સમાન વર્તન તો મનુષ્યને મશીન બનાવે, જીવંત ન બનાવે. કૃષ્ણમૂર્તિ તેની સખત વિરુદ્ધ છે. એટલે જ તે કહે છે કે, ''સાચા શિક્ષણનો અર્થ છે 'કેમ વિચારવું', નહિ કે 'શું વિચારવું''.

આમ શા માટે કહે છે કે કૃષ્ણમૂર્તિ? સમાજો તો તેના લોકોને તૈયાર વિચારો આપે છે.''તું આ ધર્મનો છે. આ દેશનો છે કે આ જાતિનો છે,'' વગેરે. આ ચિંતન વ્યક્તિને કે સમાજને બંધિયાર બનાવી દે છે. હકીકતે મન તો એટલું વિશાળ હોવું જોઈએ કે તેમાં સમગ્ર જગત સમાઈ જાય. ''શું વિચારવું'' તો મશીન જ બનાવે. માત્ર ''કેમ વિચારવું'' જ વ્યક્તિને સ્વતંત્ર વિચાર કરતાં શીખવે છે. એટલે જ ઉમેરતાં કૃષ્ણમૂર્તિ કહે છે કે, ''જો આપણે સવાલ પૂછતાં નહિ શીખીએ, તો આપણું જીવન યંત્રવત બની જશે.''

એટલે તેઓ આગળ કહે છે કે, 'શિક્ષણનું કાર્ય બાળકને બાળપણથી જ કોઈની નકલ

કરતાં નહિ, પણ 'સ્વયમ' બનતાં શીખવવાનું છે.'' વ્યક્તિએ 'અન્ય' બનવાનું નથી, પણ મૌલિક બનવાનું છે. એટલે જ બાળકને, તેમના મતે, પ્રેમ, બુદ્ધિ અને સ્વતંત્રતા સાથે ઉછેરવામાં મદદ કરવાની છે.

તે શાળા કેવી હોવી જોઈએ? કૃષ્ણમૂર્તિ શાળાની વ્યાખ્યા આપતા કહે છે કે, ''શાળા એક એવી જગ્યા છે જ્યાં બાળક જીવનની સમગ્રતા બાબતે શીખે છે.'' એટલે કે બાળક જીવનને સમગ્રતામાં જોતા શીખે છે. જીવનને કોઈ ખ્યાલ, પૂર્વગ્રહ, પરંપરા વગેરેના ચશ્માથી જોવાનું નથી, પણ તેને વ્યાપકતાથી જોવાનું છે.

શાળામાં શિસ્તને શું સ્થાન છે? કૃષ્ણમૂર્તિ કહે છે, ''જો શિસ્ત સમજમાં ન પરિણમે, તો તે અર્થ વિનાનું છે.'' કેવળ શિસ્ત તો ફરી યંત્ર બનાવે છે. સાથે સમજ પ્રગટવી જોઈએ. એક વખત સમજ આવી, તો શિસ્ત આપોઆપ આવવાની.

અને હા, કૃષ્ણમૂર્તિ કહે છે, ''મનની કેળવણી આપતી વેળા એ ન ભૂલાય કે સમાંતરે હૃદયની પણ કેળવણી આપવાની છે.'' હૃદયની કેળવણી એટલે વ્યાપક પ્રેમ, કરુણા અને સંવેદના. સમાજને પરમ સ્વસ્થ આ ત્રણ જ રાખી શકે છે.

અને શિક્ષણનો અંતિમ હેતુ શું છે? કૃષ્ણમૂર્તિ જવાબ આપે છે કે શિક્ષણનો અંતિમ હેતુ વ્યક્તિ પોતાની વિશિષ્ટતા શોધે અને તેને આધારે સ્વતંત્રતાથી જીવે'' તે છે. દરેક વ્યક્તિ એક અનોખું વ્યક્તિત્વ છે. તેના જેવું જગતમાં બીજું કોઈ જ નથી. પોતાની આ વિશિષ્ઠતાને ઓળખી, તેને પૂર્ણ વિકસાવી, પ્રગટાવી તેના આનંદમાં જીવવાનું છે. અને આ આનંદ તો જ અનુભવી શકાશે જો તે પરમ સ્વતંત્ર હશે. આ સ્વતંત્રતાનો અર્થ એ છે કે તે કોઈ જ સંકુચિત વિચારથી બંધાયેલ નહિ હોય. જ્યાં સ્વતંત્રતા છે, ત્યાં જ પરમ આનંદ છે, જીવવાની મજા છે. સ્વતંત્રતામાં જ સત્યની અનુભૂતિ થાય છે. વિશાળતાની અનુભૂતિ થાય છે.

પણ પાયામાં છે ''વિચારવાની સ્વતંત્રતા'' કશું જ માની ન લેવું. દરેકને સવાલ કરવા. કશાને જ ફાઈનલ ન માનવું. એટલે જ તે એક જગ્યાએ ખતરનાક વિધાન કરે છે, ''હંમેશા શંકા કરો અને અંતે પોતાની શંકા પર પણ શંકા કરો.'' પોતાને પણ ફાઈનલ ન માનો. સત્ય અત્યંત વિશાળ છે, કલ્પનાતીત વ્યાપક છે. જો મન-બુદ્ધિ વ્યાપક નહિ હોય, તો સત્ય ક્યારેય નહિ સમજાય.

અદ્‌ભુત અને ખતરનાક વિચાર છે કૃષ્ણમૂર્તિના. ખતરનાક એટલે કે બંધિયાર સમાજો આ વ્યાપકતાને ક્યારેય ન સ્વીકારે. મોટા ભાગની સરકારો પણ પ્રજાની શંકાને ક્યારેય ન સ્વીકારે. તેને સ્વીકારે તો બીજી પળે તેમનું અસ્તિત્વ જોખમમાં મૂકાઈ જાય. એટલે, આજે પણ, આ વિચારો ઉત્તમ હોવા છતાં, ભાગ્યે જ કોઈ શૈક્ષણિક સંસ્થામાં અપનાવાય છે.

પણ તે સમાજોની કમનસીબી છે, કૃષ્ણમૂર્તિના વિચારોની નહિ.

# બાળકો માટે આટલું થઈ શકે તો ?

- ડૉ. ઈશ્વરભાઈ વાઘેલા

વાલી એટલે વડીલ, પાલક, પોષક, રક્ષણકર્તા. વાલી તરીકે માતા-પિતા પ્રથમ ગણાય છે. પણ જેના માતા-પિતા મૃત્યુ પામ્યા હોય, અને જેનો ઉછેર જે કરે તે તેના વાલી. જેમાં દાદા-દાદી, કાકા-કાકી, મામા-મામી, નાના-નાની, ફોઈ-ફુવા, માસા-માસી તેમજ અન્ય સ્વજનો અને અનાથાશ્રમના સંચાલક, ગૃહપતિ કે ગૃહમાતા આવી શકે. દરેક વાલીની ચોક્કસ કક્ષા, સ્થિતિ ને બુદ્ધિ અનુસાર સંતાનનો ઉછેર થાય છે. આદર્શને અનુસરીને જેટલું ખીલવી શકાય, આપી શકાય, યા કરાવી શકાય તે મૂલ્યવાન છે. એ જીવનને નવું રૂપ આપે છે. કશુંક સિદ્ધ કરાવી આપે છે.

વાલી દિવસ ઉજવવા પાછળનો હેતુ વાલી પોતાના સંતાન પ્રતિની ભૂમિકા સમજે અને સંતાનને આદર્શ વ્યક્તિ-માનવ બનાવે તે છે. વાલીદિનના દિવસે વાલી એ બાળક સાથે કઈ રીતે વર્તી શકે, રહી શકે, પરસ્પરના સંબંધને ધબકતા રાખી શકે, એની વિચારણા રજૂ કરવાનો પ્રયાસ છે.

પ્રથમ મહત્ત્વનું તે છે કે બાળક શરૂથી વાલીનું આચરણ કરે. કારણ કે આચરણ-વાણીવર્તનથી બાળકમાં મૂલ્યોનું સિંચન કરી શકે છે. આ પ્રક્રિયા સૂક્ષ્મ અને અદૃશ્ય છે. તેને વાલી સમજે, સ્પષ્ટ થાય તો તે પોતાનાં આચરણથી બાળકોમાં સારાં મૂલ્યો સીંચી શકે છે. એટલે કે વાલી જે મૂલ્યોનું પાલન કરે છે તે મૂલ્યો બાળકમાં પ્રસરે છે. આ અર્થમાં વાલી બાળકનો ઘડવૈયો, માર્ગદર્શક, સાથી, સંગી, મિત્ર, તજજ્ઞ અને ગુરુ છે. કહેવાયું કે, એક સુમાતા (સુપિતા-સુવાલી) સો શિક્ષકની ગરજ સારે છે. જે વાલી આચરણ થકી પોતાના બાળકના જીવન ઘડતર ચણતરમાં તકેદારી અને કાળજી સાથે ધ્યાન રાખશે તે પોતાના બાળકને સક્ષમ અને સુમાનવ બનાવી શકશે. વાલીએ માવજતની મમતાથી કામ કરવાનું છે. તેણે સંતાન ઉપર કોઈ બળજબરી કરવાની નથી. કોઈ બાબત લાદવાની નથી. સંતાન વાલીના આચરણને જોઈને મનથી જે યોગ્ય લાગશે તેને સ્વીકારીને આચરણ કરશે.

આ માટે વાલીએ શું કરવું જોઈએ? તે જોઈએ. રોજ સવાર-સાંજ ઘરના સૌ સભ્યોએ સાથે બેસીને પ્રાર્થના કરવાની પ્રથા રાખવી જોઈએ. લગ્ન પછી દંપતીએ પહેલેથી બન્નેએ આ શરૂઆત કરવી જોઈએ. સંતાન જન્મ પછી નાનપણથી આ જોશે અને તે પણ જોડાશે. સમજણ આવતા તે ગાઢ રીતે જોડાશે. નાનપણથી પ્રાર્થના અંગે સમજ આપતા રહેવું

જોઈએ. આ સમજથી તે શાળાની પ્રાર્થનામાં ગંભીરતાથી જોડાશે.

નાનપણથી ધાર્મિક સ્થળોની મુલાકાત, વિવિધ ધાર્મિક તહેવારો, પ્રસંગોના કાર્યક્રમોમાં જોડવા, ધાર્મિક કથા-પ્રવચનોમાં લઈ જવા. ઘરે આવીને તે વિશે ચર્ચા કરવી. શું સારું કહેવાય તે સમજ વિકસે તે જરૂરી છે.

નાનપણથી હાલરડાં ગાવા. સારા ગીતો, ભજનો, કવિતાઓનું ગાન કરવું. હવે તો રેડિયો, ટીવી, ઇન્ટરનેટના માધ્યમથી પણ આ ગાન સાંભળવું-સંભળાવવું. ગાનની અસર વધુ સારી થાય છે. તે સંગીત તરફ પણ દોરાઈ શકે છે.

ધ્યાનમાં બેસવું. બાળક તે જોઈને જે પ્રશ્ન કરે તેના જવાબ આપવા, જેથી તેને તે સમજાતાં તે પણ ધ્યાનમાં રસ લઈ ધ્યાનકેન્દ્રીકરણ કરી શકશે.

યોગાસનો-કસરત (ખાસ કરીને બેઠાડુ નોકરી-કરનારે) કરવા જોઈએ. જે શારીરિક શ્રમમાં જોડાયેલા છે તેઓને પોતાનું સંતાન જુએ છે કે મા-બાપ કેવી રીતે કામ કરે છે. શારીરિક ક્ષમતા કેળવવામાં બાળક જોડાય તે માટે આ જરૂરી છે.

ખોરાક, સાત્વિક, કુદરતી રીતે પેદા થતાં અનાજો, શાકભાજી, ફળ-ફળાદિનો હોવો જોઈએ. ઘરમાં જ રસોઈ બને, વિવિધ વાનગીઓ બને, તે જરૂરી છે. બન્ને નોકરી કરનાર કે પરિશ્રમ કરનાર સાથે જોડાયને રસોઈ બનાવે અને ઘરના કાર્યો કરે તે પણ જરૂરી છે.

માતા-પિતાએ દિવસમાં ઘરે નવરાશના સમયે વાચન કરવું જોઈએ. વર્તમાનપત્ર, સારાં સામયિકો અને પુસ્તકોનું વાચન કરવું. પુસ્તકો વસાવવા પણ જોઈએ. મા-બાપ વાંચે તો બાળક પણ વાંચતા થાય. વાચન તરફ દોરવા માટે તે જે વાંચે તેની ચર્ચા પણ કરવી જોઈએ. આ માટે પહેલાં વાલીએ વાંચવું પડે. સદ્‌વિચારો, સાત્વિક વિચારો, મૂલ્યો સંદર્ભે ચર્ચા થવી જોઈએ.

વાલીએ સદ્‌વિચારો, સાત્વિક વિચારોનું, ચિંતન-મનન કરતા રહી તેને જીવનમાં અપનાવવા જોઈએ. આચારમાં મૂકવા જોઈએ.

વાલીએ શાળામાં જતાં સંતાનો સાથે દરરોજ એક કલાક તેમના ગૃહકાર્ય અને વાચન દરમિયાન બેસવું જોઈએ. સાથે વાંચવું, લખવું, ચર્ચા કરવી, સમજ આપવી વગેરે કાર્યો કરવા જોઈએ.

સંતાન શારીરિક-માનસિક પરિશ્રમ તરફ દોરાય તે માટે વિશેષ સુવિધાઓ ન આપવી. ચાલતાં જઈ શકે કે સાયકલ ચલાવીને જઈ શકે તેવી શાળા પસંદ કરવી. મારા મતે બાળક જો ભણવા ઈચ્છતું હોય તો તે ભણી જ શકે છે. તે માટે સારા શિક્ષક કે સારી શાળા હોય તો થોડોક ફરે પડે, ઝાઝો નહિ. મહેનત કરવાની ટેવ કેળવાય, સહનશીલતા કેળવાય, સંઘર્ષમાં પાછા ન પડે, તે માટે સુવિધાઓ ઓછી -

જરૂરી હોય તે જ આપવી. તેમના ભવિષ્યની વાલીને ખબર નથી. મુશ્કેલી ટાણે હિંમત, ધીરજ રાખીને આગળ વધતાં રહે તે માટે વધારે પડતા લાડ ન કરાવવા, પ્રેમ કરવાનો છે, આપવાનો છે. સાથે કેળવવાના પણ છે. વધારે લાડ તેનો વિકાસ રુંધે તો તેનું જીવન દુઃખમય બને તે માટે વાલીએ વિચારવું જોઈએ.

સંતાન જાતે શીખે તે જરૂરી છે. શીખવાની ક્રિયામાં જોવું-કરવું-ભૂલ પડે ત્યાં સુધારવું અને સક્ષમ બનવું તે છે. સંતાન ઘરમાં થતા કાર્યો થકી શીખી શકે છે. વળી તે જોઈને કોઈ કાર્ય કરવા તૈયાર હોય તો કરવા દેવું જોઈએ. વાલીએ તેના કાર્યની રીતને જોઈ સુધારા સૂચવી શકે છે. 'જાત વિના સહુ જુઠું રે' 'આપ મુઆ વિના સ્વર્ગે ન જવાય' 'આપ વિના બળ નહિ' ને ધ્યાનમાં રાખીને જે-તે શાળામાં શીખે છે તે મુજબ ઘરે પુનરાવર્તન કરે તો શીખી જ શકે. ટ્યુશનની જરૂર નથી. વળી વાલી તેના શિક્ષણકાર્યમાં રસ લઈ જ્યાં ન સમજાય ત્યાં સમજાવે તો પણ ટ્યુશન જરૂરી નથી.

આજે સુવિધા સભર જગત છે. સાયકલ, સ્કૂટર, ગાડી, રેડિયો, ટેપરેકર્ડ, ટી.વી., લેપટોપ, આઈપેડ, કમ્પ્યૂટર, મોબાઈલ જેવા સાધનો વાલી વસાવે છે. આ ઉપકરણોનો સંતાન સદુપયોગ કરે (વધુ પડતા ઉપયોગ ન કરે) તે માટે વાલીએ સજાગતા રાખવાની છે.

બાળકો વ્યસન તરફ ન દોરાય તે માટે માતા-પિતાએ પણ વ્યસનો ન કરવા જોઈએ. કદાચ હોય તો ટાળવા જોઈએ. ગમે તે પ્રસંગ હોય, ગમે તે ઉત્સવ હોય, ગમે તે મહેમાન આવ્યા હોય તેવા ટાણે પણ વ્યસની ચીજો ઘરમાં કે જ્યાં પ્રસંગ-ઉત્સવ રાખ્યો હોય ત્યાં પણ લાવવી ન જોઈએ.

નાનપણમાં બાળવાર્તાઓ કહેવી. બાળકાવ્યો-બાળગીતો ગવડાવવા, મોટા થતા જાય તેમ મહાપુરુષોના જીવનચરિત્રો-આત્મકથાઓ, ધાર્મિક પુસ્તકો (બધા ધર્મના) સાહસ કથાઓ, સારી બોધાત્મક નવલકથાઓ, વાર્તાઓ, નિબંધો વાચવા તરફ દોરવા જોઈએ. તે માટે ઘરમાં પુસ્તકો વસાવવા તેમજ જાહેર પુસ્તકાલયોનો લાભ લેવડાવવો, નવરાશના સમયે તેઓ વાંચે અને વાલી સાંભળે અને ચર્ચા થાય તેવું પણ કરી શકાય. ધાર્મિક માસ દરમિયાન પણ સૌને ભેગા કરીને યુવાન પાસે ધાર્મિક પુસ્તકો વંચાવી શકાય.

બાળકને નાનપણથી જ પ્રકૃતિનો પરિચય આપવા ગામડાંની સીમમાં લઈ જવા. વાલીને ખબર હોય તે વૃક્ષો, પશુ-પક્ષીઓનો પરિચય કરાવવો, ખબર ન હોય તે સંદર્ભે ગામડાના લોકોનો સહકાર લઈ શકાય. તે ઉપરાંત પ્રાણી-સંગ્રહાલયો, પહાડી વિસ્તારો, નદી-સાગર કિનારે, જંગલ વિસ્તારોમાં પણ લઈ જઈ શકાય. આકાશ દર્શન કરાવીને વિવિધ તારા, ગ્રહો વગેરેનો પરિચય કરાવી શકાય. જરૂર પડે કોઈ જ્ઞાતાનો સહકાર લઈ શકાય.

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# ગ્રામ્ય રતન ગીની

- અર્જુનસિંહ કે. રાઉલજી

ગીની ગામની સ્કૂલમાં જ પાંચમા ધોરણમાં ભણતી હતી. તેના પપ્પા નહોતા, માત્ર મમ્મી એકલી જ હતી અને લોકોનાં ઘરનાં કચરા-પોતાં, વાસણ વગેરે કામ કરીને ઘર ચલાવતી હતી. માત્ર એક ઝુપડું હતું, ઝુપડામાં લાઈટ પણ નહોતી, એટલે ગીની સ્ટ્રીટ લાઈટના થાંભલા નીચે બેસી હોમવર્ક કરતી અને વાંચતી. પણ ભણવામાં હોંશિયાર હતી. તેણે જિલ્લાની સ્કૂલોના બાળકો માટેની કવિતા હરિફાઈમાં ભાગ લીધો હતો અને આજે તેનું રીઝલ્ટ આવ્યું હતું. ગીની આખા જિલ્લામાં કવિતા હરિફાઈમાં પ્રથમ આવી હતી. તેની કવિતા જ એવી હતી ... ''ચકીબહેન ચકીબહેન મારી સાથે રમવા આવશો કે નહિ, આવશો કે નહિ!

તમારા માટે ખીચડી બનાવી, મારી સાથે જમશો કે નહિ, જમશો કે નહિ!

સોનાની વાટકીમાં ભરેલી ખીર, પીશો કે નહિ, પીશો કે નહિ!'' રીઝલ્ટ આવ્યા પછી શિક્ષકોના આગ્રહથી ગીનીએ અભિનય સાથે એ કવિતા ગાઈ બતાવી. ગીનીનો અભિનય જોઈ અને ગાવાની અદા જોઈ આખી સ્કૂલ ખુશ થઈ ગઈ. ગીનીને ઈનામમાં રૂપિયા પાંચ હજાર મળ્યા હતા અને તે લેવા બીજા દિવસે તાલુકા મથકે જવાનું હતું, પણ તકલીફ એ હતી કે ગીની પાસે તાલુકા મથકે જવા માટે ભાડાના પૈસા નહોતા અને બીજી વાત ગીનીથી એકલી તાલુકા મથકે કેવી રીતે જવાય! તેની મમ્મી પોતાનું કામ છોડીને જઈ શકે એમ નહોતી. છેવટે આઠમા ધોરણની તેમની શેરીમાં જ રહેતી રાધા ગીની સાથે જવા તૈયાર થઈ ગઈ. રાધાના ઘરમાં તેના મમ્મી પપ્પા બંને હતાં. હવે પૈસાની વ્યવસ્થા કરવા માટે ગીનીએ પોતાનો ગલ્લો તોડી નાખ્યો'તો તેમાંથી લગભગ બે વરસના થઈને આઠસો રૂપિયા નીકળ્યા, એટલે ગીની તો ખુશ થઈ ગઈ. તેનું અને રાધાનું તાલુકા મથકે જવા-આવવાનું બંને ટાઈમનું ભાડું થઈ ગયું. બીજા દિવસે સવારે આઠ વાગ્યાની બસમાં જવાનું એમણે નક્કી કર્યું.

પોણા આઠ વાગ્યે ગીની રાધાના ઘેર ગઈ તો ત્યાં તો રોક્કળ ચાલતી હતી. રાધાના પપ્પા તો સવારમાં છ વાગે જ કારખાનામાં જવા નીકળી ગયા હતા. રાધાની મમ્મી કપડાં ધોઈ ચોકડીમાંથી ઊભી થઈ કે તરત જ ચોકડી સાબુવાળી હોવાના કારણે તેનો પગ લપસી ગયો અને તે પડી ગઈ. ઊભું જ થવાતું નહોતું. કદાચ ફ્રેક્ચર જ થઇ ગયું હતું પગમાં. તેને પકડીને ગીની અને રાધાએ ઊભી તો કરી પણ

(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)

# શ્રી હુંદરાજ બલવાણી વિરચિત બાલવાર્તા સંગ્રહ

## - ભોલુનો ભમરડો અને ચંપાની ચકરડી

- ડૉ. મધુસુદન વ્યાસ

ડિવાઈન પબ્લિકેશન્સ દ્વારા ઈ.સ. ૨૦૨૪માં શ્રી હુંદરાજ બલવાણી વિરચિત બાળવાર્તા સંગ્રહ એક નોંધપાત્ર અને વિશિષ્ટ કથાસંગ્રહ છે.

અત્રે બાળવાર્તા લેખકે કુલ દસ શિશુકથાઓ સમાવિષ્ટ કરી છે. તેનાં શીર્ષકો આ પ્રમાણે છે : (૧) ભોલુનો ભમરડો અને ચંપાની ચકરડી (૨) મિકી માઉસનો મિત્ર (૩) હવે હું એકલી નથી! (૪) પીંછીબહેનની વાત નિરાળી! (૫) ના, હું નહીં જાઉં (૬) મિન્ટ ઉંદર બન્યો ચતુર (૭) ચિકુ, મિકુ અને ટિકુની દોસ્તો (૮) મારે નથી ખાવી (૯) એક બિલાડો જાડો (૧૦) ખોવાયેલું પર્સ

સમગ્ર પુસ્તકમાં પ્રસંગોપાત ચિત્રો પણ દર્શાવાયાં છે જે અત્રે સમાવિષ્ટ વાર્તાઓને માટે દોરાયાં છે. જેને લીધે પ્રસ્તુત સંગ્રહ વધુ રમણીય અને વાંચનક્ષમ બન્યો છે.

અત્રે સમાવિષ્ટ પ્રથમ વાર્તા ''ભોલુનો ભમરડો અને ચંપાની ચકરડી''માં ભમરડો અને ચકરડી પાત્રો રૂપે વાર્તામાં પ્રવેશ્યાં છે. તેમજ વાર્તાને સંવાદો થકી રમણીય બનાવે છે.

તેમજ ત્રીજી વાર્તામાં પણ લેખકે વસ્તુગૂંથન એવી રીતે કરી છે કે બાળકોને કચરાપેટીમાં કચરો નાખવાની ટેવ પડે. આવા સંસ્કારો બાળકોમાં વિકસે એવી રીતે કેટલીક વાર્તાઓનું નિર્માણ લેખકે કરેલ છે.

એ જ રીતે ''મારે નથી ખાવી'' (પાના નં.૩૯) શીર્ષકની વાર્તા દ્વારા અનારોગ્યપ્રદ પાણીપુરી વગેરે બહારના ખાદ્ય પદાર્થો લોકો ન ખાય એ માટેનો બોધ અપાયો છે. આમ, લેખક પૌષ્ટિક આહારના પણ પક્ષધર છે. જે સામાજિક સ્વસ્થ્ય અને લોકહિતની દૃષ્ટિએ આવશ્યક છે.

બાળવાર્તાકારરૂપે તેઓ અન્ય વાર્તાકારોથી આ દૃષ્ટિએ વિલક્ષણ (જુદા) છે.

તેમના પ્રથમ વાર્તાસંગ્રહને ધ્યાનમાં લઈએ તો તે સમયથી લઈને ઈ.સ. ૨૦૨૬ સુધીમાં તેમણે આશરે ચાલીસ વર્ષ સુધી બાળવાર્તા લેખકરૂપે બાળસાહિત્યમાં પ્રદાન કરેલ છે એવું ધ્યાનમાં આવશે.

ડૉ. રતિલાલ બોરીસાગરે આ વાર્તાસંગ્રહના પુરોવચનમાં લેખકની જે કંઈ સિદ્ધિઓ તારવી છે તેમાંથી એક-બે મુદ્દા નોંધવા માટે ડૉ. બોરીસાગર સાહેબના લખાણનો છેલ્લો ફકરો અત્રે નોંધવો સમુચિત ગણાશે. જુઓ-

''ગુજરાતી ભાષાના બાળકોને ન્યાલ કરનારી આ વાર્તાઓ છે. ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરનાર કાકા કાલેલકર અને ફાધર વાલેસ જેવા પરભાષી લેખકોની સાથે હુંદરાજ બલવાણીનું પણ ગુજરાત ઋણી રહેશે.''

આમ, હુંદરાજ બલવાણીની વાર્તાઓ, બાળકો ઉપરાંત વાલીઓ અને સહુ કોઈને એની ઉપયોગિતાની દૃષ્ટિએ ગમી જાય તેવી છે. વાર્તાકારના પરિશ્રમને વંદન.

# જીવનમાં વિદ્યાગુરુનું મહત્ત્વ

- શ્રી શ્યામજીભાઈ દેસાઈ

''ચોખા જો કંકુ ભેગા ભળે તો
કોઈકના મસ્તક સુધી પહોંચી જાય,
તમે કોણ છો એનું મહત્ત્વ ઓછું છે સાહેબ!
પણ તમારું ઘડતર કોના
હાથે થયું છે તે મહત્ત્વનું છે!!''

- અજ્ઞાત

૨૦૨૬-૨૭ના શૈક્ષણિક વર્ષનું પ્રથમ સત્ર રાબેતા મુજબ શરૂ થઈ ગયું છે. ગુરુપૂર્ણિમાના દિવસ અંગે વિદ્વાનો, અભ્યાસુઓ અને જ્ઞાની પુરુષો ઘણું બધું લખે છે. એટલે ઊંડી આધ્યાત્મિક બાબતોમાં આપ સૌને લઈ જવા કરતાં ખાસ વિદ્યાર્થી અવસ્થાને સ્પર્શતા એ પ્રસંગ અને એના પાવિત્ર્ય સંબંધમાં વાત કરવી છે. વિષય છે ''જીવનમાં વિદ્યાગુરુનું સ્થાન!''

વિષયના ગર્ભગૃહમાં ઊતરતાં પહેલાં એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે ''શું...કોઈ માતાના પયપાનની કિંમત મૂલ્ય આંકી શકશે??''.. પ્રત્યુત્તર સ્પષ્ટ છે. માતાના પયપાન અને વિદ્યાગુરુનાં સ્થાન અમૂલ્ય છે. વિદ્યાગુરુના મૂલ્યમાં તો નરી વિશાળતા વિશાળતા જ હોય છે.

માવતરના ઉછેરનાં પાંચ વર્ષ પછી, બાળકના ઘડતર કર્મને સુપેરે સાર્થક કરનાર અવતાર એટલે વિદ્યાગુરુ. જેમને આપણે ગુરુજી, શિક્ષક, અધ્યાપક, ટીચર, સાહેબ, જ્ઞાનદાતા કે મજાકમાં નહિ, પણ અર્થસભર સત્વ સાથે ''માસ્તર'' કહીએ છીએ તે જીવ. '' 'મા' જેવું જેનું હૃદય સ્તર'' છે તેવું વ્યક્તિત્વ એટલે વિદ્યાગુરુ - માસ્તર. સમાજના બહોળા વ્યાપમાં એને શિક્ષક તરીકે સૌ સંબોધે છે. એટલે અહીં શિક્ષકનું સ્થાન કહીશું તો પણ વાજબી છે. એકદમ સરળ સમજ મુજબ શિ : એટલે શિસ્ત, સમયપાલન અને જ્ઞાનની આધારશીલાનો મજબૂત સ્તંભ. ક્ષ : એટલે ક્ષમા, દયા, કરુણા, વાત્સલ્ય અને જ્ઞાનની ગંગા જેમના રુદિયે વહે છે તેવી વ્યક્તિ. ક : એટલે કર્તવ્ય નિષ્ઠાની સાક્ષાત મૂર્તિ. શીખવે તે શિક્ષક. જીવન ઘડતરમાં કોઈ પણ વિશે વિદ્યા-વાણી, વર્તન અને સાતત્યપૂર્ણ આચરણમાં પ્રયોગશીલ રહી જ્ઞાન આપે એ વિદ્યાગુરુ.

ઉપરના તમામનો સાર... ટૂંકમાં કડકાઈ સાથે, વાત્સલ્યમય હૃદયે, જ્ઞાન અને કર્તવ્યના પાઠ શીખવી, જીવન ઘડતર કરનાર ઈશ્વર પ્રદત્ત અવતાર એટલે શિક્ષક - વિદ્યાગુરુ. ખૂબ વિચારપૂર્વક અર્થમાં સમજીએ તો વિદ્યાગુરુનું કામ સમજણની પગદંડી છે. સરળ અર્થમાં કુંભકાર જેવું કાર્ય કરનાર વ્યક્તિત્વ એટલે જ વિદ્યાગુરુ. હું માત્ર શબ્દોને માયાજાળ રચવા જ આ રજૂઆત નથી કરતો. આપ સૌ વિષયને હજી પણ બરાબર સમજો, ''જીવનમાં વિદ્યાગુરુનું મહત્ત્વ'' શબ્દ પ્રયોગ થયો છે.

એટલે જ મારા એક એક શબ્દમાં આપને સ્વયં - આપના જીવન સાથેનો સાક્ષાત્કાર થાય તો જ મારો આજનો આ પ્રયાસ સાર્થક થયો જાણીશ. અહીં જીવન એટલે આપણા સમગ્ર અસ્તિત્વની એક એક ઘટના, પળે-પળેનો જીવંત પ્રવાહ.

''પિતા કે દ્વારા ડાંટા ગયા પુત્ર,
ગુરુ કે દ્વારા કસા ગયા શિષ્ય ઔર
સુનાર કે દ્વારા પીટા ગયા સોના,
સચ અર્થમેં યે સબ, હંમેશા
આભૂષણ હી બનતે હૈં.''

વિદ્યાગુરુનું કામ પોતાના શિષ્યનું જીવન ઘડતર કરવાનું છે. જ્ઞાનના પ્રવાહને પ્રવાહિત કરી, બાળકના જીવનને ઉન્નત બનાવવાનું હોય છે. જ્ઞાન અને વ્યવહારિક જીવનો સમન્વય સાધવાની કડી, જેના પ્રયત્નો થકી મજબૂત બનતી એવી બહુહેતુક ચાવી એટલે વિદ્યાગુરુ. હવેથી શિક્ષક શબ્દની સરળ સમજ સાથે વાત કરીએ. કારણ એ શબ્દ ખૂબ લોકપ્રિય શબ્દ છે.

શિક્ષક વિશે સમાજ જીવનમાં દૃષ્ટિપાત કરીશું, તો કંઈક આવી આત્માનુભૂતિ થશે. ક્રિયાશીલ જીવનની મથામણ જેમના જીવનમાં દેખાય એવું વ્યક્તિત્વ. મૂલ્યોનું વાવેતર કરનાર ખંતિલો ખેડૂત એટલે શિક્ષક. નવીનતા માટેની તત્પરતા જેના હૃદયમાં સદા પ્રવાહિત રહેતી હોય એવું વ્યક્તિત્વ એટલે જ શિક્ષક. ખૂબ જ ટૂંકમાં કહું તો... પ્રયોગશીલતા, વાત્સલ્ય, નિયમિતતા, પ્રામાણિકતા, ચોકસાઈ, વચનબદ્ધતા, પાવિત્ર્યતા, ઈમાનદારી, શ્રમ, સાદગી, નિઃવ્યસન, સમાનતા, બંધુતા જેવા ગુણોનાં જેમના થકી પ્રસંગોપાત અવનવા અવસરે દર્શન થતાં હોય એવું વ્યક્તિત્વ. સરકારના સઘળા કર્મચારીઓની તુલનાએ કામની ચોકસાઈ અને સમયબદ્ધતાનું શિરમોર પાત્ર એટલે જ શિક્ષક. (સઘળી દિશાઓમાં અનુભવાતા પરિવર્તનના પવનમાં શિક્ષક-વિદ્યાગુરુના પાત્રમાં ઓછપની સાપેક્ષ અસર ઉપર ધ્યાન આપવું આપણી નૈતિક ફરજ માનું છું.)

શિક્ષક એટલે જેમની ''કરણી અને કથની''માં ઐક્ય દેખાય એવું જીવન જીવવાની આદતનો ઓલિયો અવતાર. આપણને મહ્દ અંશે મહેસુસ થાય છે તે સજીવ. જીવનની હર પળે, મહદ્અંશે સદાકાળ છાત્ર જેવું, આપણને અધ્યયનશીલ જીવન દર્શન કરાવનાર મહાનુભાવ. અને.... એટલે જ સમાજ એ જીવને સદા વંદનીય, પૂજનીય માનતો આવ્યો છે, માને છે અને માનશે જ. અધ્યાપન સમયે... જીવનને ઉપદેશાત્મક દૃષ્ટાંતોથી શાશ્વત મૂલ્યોનું સતત દૃઢીકરણ કરે છે, કરાવે છે. પ્રવાસ-પર્યટન, મિલન-મુલાકાત વગેરેથી પ્રત્યક્ષ જ્ઞાન અને કાર્યાનુભવને સફળ કરે છે.

''શ્રેષ્ઠતા જન્મથી નહીં, પણ પોતાના કર્મ ફળો અને ગુણોથી પ્રાપ્ત થાય છે.''

શિક્ષક પોતાના વ્યવસાય મારફત સમાજ જીવનમાં વિચાર પરિવર્તન કરી, વ્યક્તિમાં ગુણોની પ્રતિષ્ઠા કરવાનું કામ કરે છે. આની અસર ધૂપસળી જેવી હોય છે. ધીમે ધીમે સમસ્ત સમાજને કર્મ સુવાસથી સુગંધિત કરે છે. પરિણામ સ્વરૂપ એ વિસ્તારમાં પરિવર્તનનો પવન ફૂંકાય

છે. એ વિસ્તારમાં નવિનતમ્ પ્રાણ પૂરાય છે. અવર્ણનીય, આશ્ચર્યજનક આંદોલન-વલણો ઉદ્ભવે છે. નવસર્જનની આણ વર્તાય છે.

આ બાબત હું આધારભૂત દૃષ્ટાંતો સાથે - ગર્વથી કહી શકું છું. હમણાં થોડાં વર્ષ પહેલાં આદરણીય ગિજુભાઈ બધેકાની ૧૩૭મી જન્મ જયંતિ પ્રસંગ ''બાળવાર્તા દિન'' તરીકે ઉજવાયો. આ શિક્ષકનું સમાજને કેવું, કેટલું અને કઈ ગુણવત્તા સાથેનું યોગદાન? એનું તારણ અને એમાંના તથ્યની તુલના આપ સૌ ઉપર છોડું છું. એ જ રીતે આદરણીય પૂજ્ય નાનાભાઈ ભટ્ટ, દક્ષિણ ગુજરાતમાં આદરણીય જુગતરામ કાકા, ઉત્તર ગુજરાતમાં આદરણીય મોતીભાઈ ચૌધરી, શ્રી હરીસિંહજી ચાવડા, આદરણીય છગનભા, મધ્ય ગુજરાતમાં શ્રી મનસુખરામ માસ્તર, સુરેન્દ્રનગરમાં શ્રી નાગજીભાઈ દેસાઈ અને શ્રી કરમશીભાઈ મકવાણા-બંધુ બેલડી, કચ્છમાં સંઘવી પરિવાર, પશ્ચિમ સૌરાષ્ટ્રના માંગરોળમાં આદરણીય મનસુખભાઈ જોબનપુત્રા, પૂર્વ ગુજરાતમાં આદરણીય ઠક્કર બાપા વગેરે વગેરેના યોગદાનને અને એક નૈષ્ઠિક પ્રયોગશીલ વિદ્યાગુરુ - શિક્ષક થકી એ વિસ્તારની બદલાયેલ રુખને સમજવા તથા અનુસરવા જેવી બાબત છે. એક ઉત્તમ શિક્ષકથી છાત્ર, શાળા, ગામ, વિસ્તાર, રાજ્ય અને અંતે છેક રાષ્ટ્રની આગવી ઓળખ સ્થાપિત થાય છે. પરિવર્તનનો આગવો અભિગમ નિર્માણ પામે છે. એના મૂલ્યનાં લેખાં-જોખાં આપ સૌ સુજ્ઞ સજ્જનો ઉપર છોડું છું.

હા! પ્રવર્તમાન સમયે સમાજ અને શિક્ષક-વિદ્યાગુરુ - બંનેનું પારસ્પારિક રીતે આપણું સહિયારું વર્તન બદલાયેલું જરૂર દૃષ્ટિપાત થાય છે. શિક્ષકની પાયરી નીચે દેખાડવાની ક્યાંક ઘટનાઓ સંભળાય છે. શિક્ષકોની પણ ક્યારેક ઉણપ આંખે ચડી છે. આ વાસ્તવિકતા નકારી ન શકાય. પણ... સાપેક્ષવાદ સ્વીકારવો જ રહ્યો. કદાચ એકાદ-બે વ્યક્તિના ભોગે આખી આલમ તરફની દૃષ્ટિ ખરાબ એ કેટલું ઉચિત?? એનું સચોટ સત્ય પ્રગટ કરવાની સમજણ પણ આપ સૌ ઉપર છોડું છું. આ કામ નહીં કરીએ તો....!

''જાહેરમાં હસતા હોય છે જે વદન,
એ ખાનગીમાં ખૂબ રડતા હોય છે.''

જેવો ઘાટ ઘડાશે.

ખેર! જવા દો એ નકારાત્મકતાને!

''એક વિશ્વાસ કી પ્રાર્થના, અંધકાર કે સારે
બંધન કો તોડને કી સામર્થ્ય રખતી હૈ.''

શિક્ષક અને સમાજનો અતૂટ નાતો છે. જ્યાં વિશ્વાસ જ કર્મરૂપ દીપકના દિવેલનું કામ કરે છે. સંનિષ્ઠ શિક્ષક વિદ્યાર્થી, વાલી અને સમાજ માટે દીવાદાંડી સમાન છે. પોતાના કર્તવ્યધર્મની મશાલથી સંસારરૂપ સાગરમાંથી આત્મારૂપ નાવને તારી કિનારે લાવે છે. આ શબ્દ છેક આધ્યાત્મિક ગુરુ સુધીની ગહનતામાં ન લઈ જતાં, હું છેક તળિયાથી વાતની પુષ્ટિ માટે પ્રયાસ કરીશ.

શારીરિક, માનાસિક અને બૌદ્ધિક ત્રિપરિમાણીય તથ્યો એનાં પૂરક છે. ક્રિકેટના ભગવાન સચિન તેંડુલકરને ગુરુ આચરેકર, ભીમરાવ આંબેડકરને પોતાના (આંબેડકર)

ગુરુ, મિસાઈલ મેન ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામને બ્રાહ્મણ ગુરુ ન મળ્યા હોત તો...!? આ એક કલ્પના માત્ર સૌને હચમચાવી નાખે છે! તો...વાસ્તવિકતા શું હોત? એથી વિપરીત.... હું આપના એ અવ્યક્ત વિચારને પણ અહીં બેઠાં બેઠાં પારખી શકું છું કે આપના વિચાર મુજબ ''એ વ્યક્તિઓમાં એવું 'હીર' હતું જ. એટલે તેઓ મહાન થયા. શિક્ષક પાસે બધા જ વિદ્યાર્થીઓ-શિષ્યો મહાન બનતા નથી. માટે શિક્ષક ગૌણ ગણાય.'' ક્ષણ પૂરતી. આપના તર્ક... વિચારને બિલકુલ સાચી વાત માની લઈએ. પણ... આ વાતને વધુ આગળ રજૂ કરું એ પહેલાં કહેવા દો, ''હીરે કી પરખ સિર્ફ જોહરી હી જાને!'' એટલે હવે તો સ્વીકારો...એ 'હીર'ને પારખનારનું પણ એટલું જ મૂલ્ય - કિંમત ન સમજનાર આપણે મુર્ખમાં ખપીએ. સામાન્ય સમયે અને ખાસ કોરોના કાળમાં ઘરમાં એક બાળકને સાચવતાં આપણને શું, કેવા, કેટલા અને કેવા પ્રકારના અનુભવો થયા છે?... કે વિતી ગયું છે એનાથી કોણ અજાણ છે?? એટલે હું હવે થોડા વિસ્તૃત માહોલમાં આપણને લઈ જવા પ્રયત્ન કરીશ. આવો! અહીં શિક્ષક શબ્દને સંકુચિતતાથી પણ ઉપર ઊઠતો જોઈએ. આ સંદર્ભે જ લેખમાં ''વિદ્યાગુરુ'' ખાસ શબ્દ પ્રયોજ્યો છે. સાવ સામાન્ય સમજ પ્રમાણે શીખવે તે જ સાચો શિક્ષક. નામ, ઠામ, ઠેકાણાની ગૂંચવણમાં પડ્યા સિવાય પણ ''બેટા ! તારું મગજ જ્ઞાનનો સમૃદ્ધ ભંડાર છે.'' કહેનાર 'મા' પણ શિક્ષક-જ્ઞાન ગુરૂ સમાન હતી. પ્રસંગ યાદ આવ્યો?'' ''યુદ્ધ એ જ કલ્યાણ'' શબ્દની પ્રેરણાથી પ્રોત્સાહન આપી શ્રીમદ્ ભાગવત ગીતાના જન્મદાતા પણ મહાન શિક્ષક હતા. ''શિક્ષક કભી સાધારણ નહીં હોતા, પ્રલય ઔર ઉત્થાન ઉસકી ગોદ મેં પલતે હૈં'' ના જનક પણ શિક્ષક જ હતા. ગાય જેવા પ્રાણીમાં પ્રાણ પૂરનાર ગોવાળ 'રામ' આખા ગામને અમર કરી સોરઠની ધરતીને ધન્ય કરી ગયા. શોધો એ સોરઠ રતનને...! એ જીવ પણ ગાયોના શિક્ષક હતા. માત્ર મૂર્તિમાંથી પ્રેરણા પ્રદાન કરી શ્રેષ્ઠ ધનુર્ધરની વિભાવના પ્રગટાવનાર એ તત્ત્વ પણ એક શિક્ષક-વિદ્યાગુરુ જ હતું યાદ છે ને? ઘણાં ઉદાહરણ આપી શકું છું.....! પણ લોભને થોભની લગામ પણ જરૂરી છે.

''શબ્દોનું મહત્ત્વ એના ઈશારામાં હોય છે,
સાહેબ!
બાકી પાણી તો ઘુઘવતા દરિયામાં મબલખ છે.''

શિક્ષક-વિદ્યાગુરુનું મહત્ત્વ તારવવાનું આપણું સામર્થ્ય અને પાત્રતા કેટલી? આ લક્ષ્મણરેખાની મર્યાદા ઓળંગી આગળ વધવું કઠિન છે. છતાં જેમ સીતાનું સાહસ માત્ર દાન દેવાના પાવિત્ર્ય હેતુ માટે હતું, એમ મારો હેતુ પણ... જ્ઞાનની આપ-લે જ છે. સમજીને આ ભૂલ કરું છું. એટલે અચૂક કહીશ કે ભારત ભૂમિનાં એકાદ-બે ઉદાહરણ અને એમાંય સૌરાષ્ટ્ર-ભાવનગર અને સમગ્ર ગુજરાતની ગૌરવશાળી પ્રયોગશીલ પાવન ભૂમિ સંબંધિત શિક્ષકના મૂલ્ય મહત્ત્વ દર્શનની ગાથા ગાયાની શાહી હજી સુકાઈ નથી એ ક્ષણને જરા યાદ

કરીએ. ડૉક્ટર, એન્જિનિયર, વૈજ્ઞાનિક, ન્યાયશાસ્ત્રી, ઉદ્યોગપતિ, વડાપ્રધાન, રાષ્ટ્રપતિ અને આધ્યાત્મિક મહાનુભવોનું ઘડતર એક શિક્ષક-વિદ્યાગુરુ પાસે થાય છે. આ જગત આખાનું સનાતન સત્ય છે. કોઈ વ્યક્તિએ તો ઉમળકાભેર એવું પણ કહી દીધું કે એવી કોઈ વ્યક્તિએ શિક્ષકને તૈયાર (ઘડતર) કર્યાના દાખલા જૂજ હોઈ શકે એવું સાંભળવામાં આવ્યું નથી. પણ મને મારા શિક્ષકો-વિદ્યાગુરુઓએ જ શીખવ્યું છે કે ધીરજ રાખો. કદાચ કોઈક હોઈ શકે!! છતાં હું વિવેક સાથે કહીશ વિદ્યાગુરુ એ અતૂલનીય છે અને એમાંય ભારતીય શિક્ષક-વિદ્યાગુરુનો દબદબો આજ પર્યંત અખંડ અને સર્વોચ્ચ સ્થાને રહ્યો છે.

આઝાદી બાદનો ઈતિહાસ ઢંઢોળું છું ત્યાં, યાદ આવે છે કે આપણા રાષ્ટ્રપતિ (ડૉ. શંકરદયાલ શર્મા) વિદેશની યાત્રાએ ગયા હતા. ત્યાંના રાષ્ટ્રપ્રમુખ એ વખતના એમના સમગ્ર રાષ્ટ્રના તમામ પ્રોટોકોલ તોડી પ્રથમ વખત આપણા રાષ્ટ્રપતિને સામેથી, ઉમળકાભેર ચાલીને ભેટી પડ્યા હતા. સ્વયં ગાડી હંકારી ગયા હતા. એ પછી... એમનું કેવું સન્માન, સ્વાગત અને આગવું ઔદાર્ય અર્પણ કર્યું? એ જાણવાની બાબત આપ ઉપર છોડું છું. એ પહેલા ડૉ. રાધાકૃષ્ણન, અધ્યાપક તરીકે વિદાય અવસરે એમના આસનસ્થ રથને એમના જ વિદ્યાર્થીઓએ સ્વયં ખેંચી કેવી અદ્‌ભુત ભાવાવરણની સરિતા વહાવી હતી?? ''શિક્ષક દિન'' ઘટનાના પડ ઉલેચો.

આપણા **વડાપ્રધાન, શક્તિની સાક્ષાત દેવી મૂર્તિ (સ્વ. ઈન્દિરાજી ગાંધી) અમદાવાદ આવે ત્યારે તમામ પ્રોટોકોલને વિનયથી બાજુ પર મૂકી, સરસ્વતી વિદ્યાલય-સરસપુરના સ્થાપક, મૂળ ભાવનગરના વતની અને જન્મેય શિક્ષક વંદનીય સ્વ. રઘુભાઈ નાયકને વંદન કરે** એ નાની-સૂની વાત નથી. થોડાં વર્ષો પહેલાં જ આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ શ્રીમાન કોવિંદજી સ્વયં, સામેથી તલગાજરડાની ભૂમિ ઘમરોળીને પાવન થયાની અભિવ્યક્તિ કરે એ એક શિક્ષક અને જ્ઞાનગુરુનું મહત્ત્વ નથી તો બીજું શું છે???

આપ સૌ જ્ઞાની, સમજદાર, સુજ્ઞ સજ્જન, સંનિષ્ઠ-પ્રબુદ્ધ નાગરિકો આગળ ઘણું કહેવાનું મન થાય છે પણ....!

સમયને ઓળખતાં આવડવું એ પણ જીવનની કળા ગણાય છે. એટલે ખૂબ ટૂંકમાં...!!

''મરહમ જૈસે હોતે હૈં કુછ લોગ, શબ્દ
બોલતે હી દર્દ ગાયબ હો જાતા હૈ.''

''જ્યોત સે જ્યોત જલતે હી
જ્ઞાન દીપક પ્રજ્વલિત હોતા હૈ.''

એવી એ જ્ઞાન જ્યોતિ પ્રગટાવનાર આખી આલમને કોટિ કોટિ વંદન.

# સાચા સદ્ગુરુ (શિક્ષક)

- મણિલાલ શ્રીમાળી 'મિલન'

નિશાળમાં મને બેસતો કરવા.
શિક્ષકે પહેલ બતાવી રે...

એકડો બગડો ઘુંટાવી ઘુંટાવી,
કક્કો ને બારાખડી શિખવાડી રે...

બીજા છોકરા સાથે બેસાડી,
હાથમાં પાટી પેન પકડાવી રે...

આંખ, કાન, દાંતની સંભાળ સાથે,
વાળને નખની સમજ પાડી રે...

ધોયેલાં કપડાને ચંપલ પે'રવા મને,
સ્વચ્છતાની સમજણ આપી રે...

શાળામાં સમયસર પ્રાર્થના કરવા,
મને શિસ્ત પાલન શીખવાડ્યું રે...

સાચા ને સારાં શિક્ષક મળવાથી,
મારી જીવનનૈયા પાર ઉતારી રે...

❀ ❀ ❀

ઘર અને શાળા, શાળા અને ઘર, બંને બાળકના ઘડતર માટેના એકબીજાના પર્યાય, પૂરક અને પાલક છે. પણ આ સાર્થક ત્યારે જ બને જ્યારે ઘરનું પર્યાવરણ શાળા જેવું અને શાળાનું શિક્ષણ ઘર જેવું બાળકને લાગવા માંડે.

આપણે બાળકની લાગણીઓ અને હૃદયની ઉર્મિઓને આદર આપીએ અને તેના યોગ્ય વિકાસમાં વિઘ્નકર્તા ન બનીએ તે હૃદયની કેળવણીનું પ્રથમ સોપાન છે.

એ બાબતનો જરૂર ખ્યાલ રહે કે કોઈપણ હિસાબે રસહીન ભણતરથી ઉપજતી વિદ્યાર્થીઓની નાસીપાસીનું પ્રદર્શન થયા વિના રહેતું નથી.

❀ ❀ ❀

# શિક્ષણ સમાચાર

- અશોક સોમપુરા

**તંત્રી નોંધ :** ''ઘરશાળા'' માસિકમાં શિક્ષણ સમાચાર દર મહિને નિયમિત રીતે પ્રગટ કરવામાં આવે છે. આ સમાચાર વર્તમાનપત્રો અને સામયિકોને આધારે તૈયાર થાય છે. એટલે એ દૃષ્ટિએ જોવા વાંચકોને અમારી વિનંતી છે. **- તંત્રીઓ**

**મૂકબધિર વિદ્યાર્થીઓને ધોરણ-૧૦માં વિજ્ઞાન વિષયમાંથી મુક્તિ અપાઈ :**

સરકારની મંજૂરી મળતાં ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં મૂકબધિર બાળકો માટે ધોરણ-૧૦માં ફરજિયાત એવા વિજ્ઞાન વિષયમાંથી મુક્તિ અપાઈ છે. હવે આ વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયને બદલે જૂથ-૨ના ચિત્ર, સંગીત, યોગ કે પીટી સહિતના કોઈપણ વિષયમાંથી એક વિષય રાખી શકશે અને બોર્ડની પરીક્ષા આપી શકશે.

**શિક્ષકોને બદલીમાં હવે મૂળ કે નવરચિત જિલ્લામાં જવાનો એકવાર વિકલ્પ મળશે :**

ગુજરાતની ધોરણ-૯ થી ૧૨ની સરકારી શાળાઓના શિક્ષણ સહાયક અને મદદનીશ શિક્ષકોની બદલીના નિયમોમાં ઉમેરો કરવામાં આવતા સરકાર દ્વારા નવા નિયમો સાથે ઠરાવ કરવામાં આવ્યો છે. જેમાં જિલ્લા વિભાજનના કારણે ઊભી થયેલી વહીવટી પરિસ્થિતિ અને શિક્ષકોની વિવિધ રજૂઆતોને ધ્યાને રાખીને સરકારે શિક્ષકોને પોતાના મૂળ જિલ્લા અથવા નવરચિત જિલ્લામાં જવા માટે વન-ટાઈમ વિકલ્પ આપવાનો નિર્ણય કર્યો છે. શિક્ષણ વિભાગ દ્વારા તમામ ખાલી જગ્યાઓની વિગતવાર યાદી પ્રસિદ્ધ કરી તમામ શિક્ષકોને જાણ કરવામાં આવશે.

**નીટમાં ગુજરાતના ૭ વિદ્યાર્થી દેશના ટોપ-૧૦૦ રેન્કમાં : ૩૮૧૪૬ પાસ થયા :**

નેશનલ ટેસ્ટિંગ એજન્સી દ્વારા રી-નીટનું પરિણામ જાહેર થયું છે. જે મુજબ યુજી-નીટમાં આ વર્ષે દેશના ટોપ-૧૦૦ રેન્કમાં ગુજરાતના ૭ વિદ્યાર્થીઓ છે. જયારે ગુજરાતમાંથી ૩૮૧૪૬ વિદ્યાર્થીઓ ક્વોલિફાય થયા છે. ગયા વર્ષ કરતા આ વર્ષે ક્વોલિફાઈડ થનારા ૧૧૮૯૩ વિદ્યાર્થીઓ ઓછા છે. નીટમાં ૧૩ ભાષામાં પરીક્ષા લેવાય છે. ત્યારે ગુજરાતી ભાષામાં પરીક્ષા આપનારા ગુજરાતી માધ્યમના વિદ્યાર્થીઓ ઘટ્યા છે. ૨૦૧૯માં જ્યાં ૫૯૩૯૫ વિદ્યાર્થીઓ હતા, ત્યારે ૨૦૨૪માં ૫૮૮૩૮, ૨૦૨૫માં ૫૩૦૨૫ અને આ વર્ષે કુલ વિદ્યાર્થી ૪૯૬૪૭ હતા.

**નીટ ક્વોલિફાઈંગ કટ ઑફ સ્કોરમાં આ વર્ષે મોટો વધારો :**

| કેટેગરી | ૨૦૨૬ | ૨૦૨૫ |
|---|---|---|
| ઓપન-ઈડબ્લ્યુએસ | ૨૧૩ | ૧૪૪ |
| ઓબીસી | ૧૭૭ | ૧૧૩ |
| એસસી | ૧૭૭ | ૧૧૩ |
| એસટી | ૧૭૭ | ૧૧૩ |
| પીડબલ્યુડી | ૧૯૪ | ૧૨૭ |

**નીટમાં ગુજરાતના ટોપર્સ**

| વિદ્યાર્થી | રેન્ક |
|---|---|
| તહા સુમન ભાટિયા | ૨૫ |
| શૌર્ય પટેલ | ૨૬ |
| અક્ષિત ગૌરે | ૩૦ |
| હિયા વસાવડા | ૪૩ |
| સૌમ્ય પટેલ | ૫૭ |
| થંથ કૌશલ | ૭૮ |
| પ્રેમલ પટેલ | ૯૩ |
| ધ્યાન શુક્લા | ૧૦૧ |
| મીહિર પટેલ | ૧૧૪ |

**CMA ફાઉન્ડેશનમાં અમદાવાદનો વિદ્યાર્થી દેશના ટોપ ૧૦ રેન્કમાં :**

ભારત સરકારના ઈન્સ્ટિટ્યૂટ ઑફ કોસ્ટ એકાઉન્ટસ ઑફ ઇન્ડિયા દ્વારા સીએમએ ફાઉન્ડેશન પ્રોગ્રામનું પરિણામ જાહેર થયું. જેમાં અમદાવાદનો વિદ્યાર્થી દેશના ટોપ-૧૦ના રેન્કમાં આવ્યો છે. અમદાવાદ સેન્ટરનું પરિણામ ૮૧.૯૮ ટકા રહ્યું છે.

જૂન માસમાં લેવાયેલી આ પરીક્ષામાં અમદાવાદ સેન્ટરના ૨૨૨ વિદ્યાર્થીમાંથી ૧૮૨ વિદ્યાર્થી પાસ થતાં ૮૧.૯૮ ટકા પરિણામ રહ્યું છે. જ્યારે વેસ્ટર્ન રિઝિયનનું ૭૬.૩૦ ટકા પરિણામ રહ્યું છે. અમદાવાદના વિદ્યાર્થી મનોજ પટેલે ૪૦૦માંથી ૩૬૪ માર્કસ્ મેળવ્યા છે. અને ૯૧ ટકા પરિણામ સાથે દેશમાં નવમો-૯મો રેન્ક મેળવ્યો છે.

**સ્કૂલ શિક્ષણની જેમ ઉચ્ચ શિક્ષણ પ્રવેશ દરમાં ગુજરાત પાછળ :**

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલના કેન્દ્ર સરકારના પ્રોગ્રેસ રિપોર્ટમાં ગુજરાત સ્કૂલ શિક્ષણની જેમ ઉચ્ચ શિક્ષણ પ્રવેશ દરમાં પણ પાછળ છે. કૉલેજ એનરોલમેન્ટમાં ગુજરાત દેશમાં ૨૩મા ક્રમે છે. જ્યારે ધોરણ-૧૧ અને ૧૨માં પ્રવેશ દર ૪૭.૩ ટકા છે.

**બાળરંજન રંગારંગ સભા :**

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાંદિપની સાહિત્ય પર્વના ઉપક્રમે પીસાવાડાની પ્રાથમિક શાળા ખાતે ''બાળરંજન રંગારંગ કાર્યક્રમ'' નું ભવ્ય આયોજન તા. ૧૧ જુલાઈ - ૨૦૨૬ને શનિવારના રોજ કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિષ્ઠિત અને જાણીતા બાળ સાહિત્યકાર અને લેખકશ્રી મણિલાલ શ્રીમાળી ''મિલન'' દ્વારા સૂરબદ્ધ બાળગીતો, જોડકણા અને ઉખાણા ગાઈને બાળકોને રમૂજ કરાવી હતી. ઉપરાંત બાળવાર્તાને સરળ ભાષામાં કથન કરીને બાળકોને રાજી કર્યા હતા. કાર્યક્રમ પ્રેરણાદાયી રહ્યો હતો.

**ટૂંકાવીને...**

- દેશમાં દસ વર્ષમાં ૯૪૦૦૦ સરકારી શાળાઓને તાળા લાગ્યા.
- એક લાખ સ્કૂલોમાં માત્ર એક જ શિક્ષક
- વર્ષ ૨૦૨૪-૨૫માં શાળાઓની સંખ્યા ઘટીને ૧૦.૧૩ લાખે પહોંચી.
- ખાનગી શાળાઓની સંખ્યા ૨.૮૮ લાખથી વધીને ૩.૩૯ લાખે પહોંચી ગઈ.
- એક લાખ શાળામાં વીજળી, જ્યારે વિદ્યાર્થિનીઓ માટે ટોઈલેટનો અભાવ

(નીતિ આયોગના રિપોર્ટના આધારે)

- ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, પ્રતિષ્ઠિત ''દ્રોણા એજ્યુકેશન એવોર્ડ ૨૦૨૬''થી સન્માનિત
- સુ.શ્રી કશ્યપી મહાને ''વિષ્ણુ પ્રહાર સ્મૃતિ રાષ્ટ્રીય પ્રોત્સાહન સન્માન - ૨૦૨૬'' - અર્પણ

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૦ થી ચાલુ)**

અને જ્યારે બોર્ડના પરિણામમાં ધાર્યા કરતા ઓછી ટકાવારી આવે અથવા અસફળ રહે ત્યારે હતાશ કે નિરાશ થઈ જતા તેને વાર લાગતી નથી. તેનાં માનસપટ પર ભૂતકાળમાં તેજસ્વી તારલારૂપે છવાઈ ગયા હોય તે સમયની પ્રસિદ્ધિની અસર ઓછી થઈ ન હોય તેમાં આ અસફળતા સહન કરવી મુશ્કેલ થઈ પડે છે અને તે આપઘાતની ઘાતનું એક નિમિત્ત બને છે. વિદ્યાર્થીઓ કરતાં વાલીઓની વધારે પડતી અપેક્ષાઓ અને ભૂતકાળમાં તેજસ્વી તારલાના નામે પ્રસિદ્ધિનો અતિરેક... આપઘાતનું કારણ ન બને તે સુજ્ઞવાલીઓએ જોવું, સમજવું રહ્યું.

તેજસ્વી તારલાઓને પ્રેરણા અને પ્રોત્સાહન આપવાની આપણી નૈતિક ફરજ છે. આવા ઘણા કાર્યક્રમોમાં વક્તા તરીકે જવાનું બને ત્યારે મારો પહેલો પ્રશ્ન હોય છે કે, અગાઉ જે તારલાઓને સમ્માનિત કર્યા તે આજે ક્યાં છે અને શું કરે છે... તેમને આ પ્રોત્સાહન કેટલું ઉપયોગીને અસરકર્તા નીવડ્યું તેની જાણકારી મેળવવી જોઈએ. બીજ વાવવા, વાવણી કરવી જેટલી અગત્યની છે તેથી વિશેષ અગત્યનું બને છે તેના ઉછેર કરવાનું. એક વાર ઢોલ-નગારા વગાડી પ્રસિદ્ધિ આપી પણ પછી શું...? તે જોવાનો સમય પણ હવે આવી ગયો છે, પાકી ગયો છે.

શિક્ષણનું કામ છે માણસને ઉન્નત અને બહેતર જીવન બક્ષવાનું. પણ માણસના મૃત્યુનું નિમિત્ત થવાનું કામ શિક્ષણનું નથી જ નથી. આજે અસફળ થયા પછી વિદ્યાર્થીઓના આપઘાતના બનાવો બને છે. તે સૌ કોઈ માટે ચિંતાનો વિષય છે. સમાજ અને સરકાર પણ ચિંતિત છે. કોઈનો લાડકવાયો-વાયી અકાળે મૂરઝાઈ જાય અને એ પણ શિક્ષણના પરિણામના લીધે...!? ન જ બનવું જોઈએ. આ સહિયારી ચિંતાને જવાબદારી છે. તેમાં ઉપર જણાવ્યા મુજબ આપણે ક્યાંય અજાણતા પણ નિમિત બનતા હોઈએ તો જોવું, વિચારવું રહ્યું.

સમાજમાં શિક્ષણની ભૂખ ઉઘડી છે. સંતાનને ભણાવવા જોઈએ એવું સૌ સમજતાં થયાં છે. પણ શું ભણાવવું જોઈએ, ક્યાં ભણાવવો જોઈએ... એવું બહુ ઓછા જાણતા હોય છે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૦ થી ચાલુ)

યુવાન વયે સમાજલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાય, યુવક મંડળમાં જોડાય, ધર્મ-સમાજની વિવિધ સંસ્થાઓ-મંડળોમાં જોડાયને સામાજિક પ્રવૃત્તિઓ કરતા થાય તે માટે દોરવા જોઈએ.

વાલીઓ, માતા-પિતા પરસ્પર એકબીજાને વાણી-વર્તન-વ્યવહારથી માન આપતા રહે, ઘરલક્ષી, સંતાનલક્ષી, નિર્ણયો લેતા રહે, સુવિચારોની આપ-લે કરતા રહે, બાળકો સાથે બન્ને સાથે જ જોડાય. સંતાનો તેમના વિચારો ખુલ્લા મનથી માતા-પિતા સાથે કરી શકે તેવું વાતાવરણ સર્જવું જોઈએ. સંતાનને પૂરતો પ્રેમ, હૂંફ, સલામતી મળતા રહે તેવી વ્યવસ્થા કરવી જોઈએ. સંતાનના ઉછેરમાં માતા-પિતાનું બન્નેનું પ્રદાન રહે તે માટે સમરૂપતા-એકરૂપતા હોવી જોઈએ. જે બાળકને વધુ સમય આપશે તેની તરફ સંતાન વધુ ઢળશે. તેમ ન થાય તે જરૂરી છે.

આદર્શ વાલી જ આદર્શ સંતાન આપી શકે. પોતાની ફરજોને તે સમજે અને તેને પાળે તે જ સક્ષમ-સાત્વિક-આદર્શ નાગરિક-નેતા-વ્યવસાયી આપી શકે. સૌ વાલીઓ સંતાન પ્રતિ સભાનતા કેળવે તેવી પ્રાર્થના.

---

(અનુસંધાન પૃષ્ઠ ૩૧ થી ચાલુ)

પગ મુકાતો નહોતો. રાધા અને તેની મમ્મી રડવા લાગી કે હવે શું કરવું? ગામમાં તો કોઈ દવાખાનું જ નહોતું. તેને શહેરમાં જ દવાખાને લઈ જવી પડે. શું કરવું એની વિમાસણ હતી. ગીનીએ વિચાર કરીને રિક્ષા બોલાવી. રિક્ષાવાળા ભાઈ ગામના જ હતા એટલે દવાખાને લઈ જવા તો તૈયાર થયા પણ દવાખાને થોડા ઘણા પૈસા તો ભરવા પડે ને! છેવટે ઈનામ લેવા તાલુકા મથકે જવાના બદલે ગીની પોતાના પૈસા લઈ રાધાને અને તેની મમ્મીને લઈને દવાખાને ગયાં. ડૉક્ટરની ફી આપી એટલે ડૉક્ટરે રાધાની મમ્મીને તપાસી અને એક્સ-રે પાડી કહ્યું કે ફ્રેક્ચર થયું છે પાટો બાંધવો પડશે. પ્લાસ્ટર મારવાના ચાર હજાર રૂપિયા અને દાવાઓના એક-બે હજાર રૂપિયા થશે. રાધા તો રડવા લાગી. આટલા બધાં પૈસા તેમની પાસે ક્યાંથી હોય!

ગીનીએ ડૉક્ટરને બે હાથ જોડી વિનંતી કરી અને આખી વાત કરી કે તેને ઈનામના પાંચ હજાર રૂપિયા મળવાના છે એ મળશે એટલે હું તમારી બધી જ ફી ચૂકવી દઈશ, પણ તમે રાધાની મમ્મીની દવા કરો અને પાટો બાંધી આપો. ડૉક્ટર પણ ગીનીની ઉદારતાથી ખુશ થઈ ગયા. રાધાની મમ્મીને પ્લાસ્ટરનો પાટો બંધાવી ઘરે લાવ્યા ત્યારે આખું ગામ ભેગું થઈ ગયું. ગીનીની ઉદારતા અને માનવતા બદલ ગામે તેના વખાણ કર્યા અને તેને ''ગ્રામ્ય રતન''ના બિરુદથી વધાવી લીધી!

# સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી શાંતીકુમાર કોઠારી વિદ્યાલય















ઘરશાળા
સપ્ટેમ્બર-૨૦૨૬
Registered under RNI No. GUJ GUJ/1976/33936. Permitted on Post at Ahmedabad Unaccountable L1 on the 2nd of every month under Postal Registration No. GAMC - 1550/2022-2024 Valid upto 31st December 2024 (Applied Renewal) PUBLICATION : 2ND DATE OF MONTH છૂટક કિંમત : રૂ. ૨૦/- ● વાર્ષિક લવાજમ : રૂ. ૨૨૫/-




## સરસ્વતીનું સ્થાનક

'હે ચક્રવર્તી! આ જગ્યાએ જ્ઞાનની અધિષ્ઠાત્રી, આજીવન બ્રહ્મચારિણી, સર્વવત્સલા સરસ્વતીનું ઉપાસના સ્થાન છે. એટલે અહીંની શાંતિને અભંગ રાખવા માટે તારા સપ્તસિંધુઓનું જલ પીધેલા ઘોડાને અહીં બહાર જ વિશ્રામ દેજે. તારાં દેદીપ્યમાન અસ્ત્રશસ્ત્રોનો ભાર અહીં જ રથમાં ઉતારી નાખજે; ને તારા રાજવી મદમર્દનનો અહંભાવ અહીં જ મૂકીને આ અંતર્વેદીમાં પગ મૂકજે.'

દીપ નિર્વાણ - મનુભાઈ પંચોળી

માલિક : સરસ્વતી વિદ્યામંડળ, સરસપુર, અમદાવાદ-૩૮૦૦૧૮. ફોન : ૨૨૯૨૦૫૩૭
પ્રકાશક અને તંત્રી : જ્યોતીન્દ્રભાઈ દવે એ મુદ્રક : મહેન્દ્રકુમાર મોહનલાલ ઠક્કર, ધર્મેશ પ્રિન્ટોરીયમ, એ-બ્લોક, રશિયન બેકરીની બાજુમાં, દુધેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૪ દ્વારા છપાવી પ્રકાશિત કર્યું.